

# અધ્યાત્મ

વર્ષ : ૧૭

અંક : ૧૨

સપ્ટેમ્બર–૧૯૯૬

## * ભગવાનની પ્રતિજ્ઞા *

જે જીવ સર્વાન્તર્યામી સર્વસમર્થ સર્વેશ્વર પરમાત્માનું સાચા દિલથી શરણ લે એને કોઈ પ્રકારની ચિંતા રહી શકે? ભય હોઈ શકે? એને મોહ, સંમોહ, વ્યામોહ, શોક, મોહ, પાપ, તાપ, સંકટ સતાવી શકે? એ તો માતાની માવજત મેળવનારા બાળકની પેઠે નિશ્ચિંત, નિરાપદ, નિર્ભય બની જાય છે. ગીતામાં ભગવાને પ્રકારાન્તરે પ્રતિજ્ઞા કરી છે કે જે જીવ સંસારની મહા સફરમાં મારું શ્રદ્ધાભક્તિસહિત શરણ લે છે તે જીવને કર્મબંધનથી, અહંતા–મમતા–શોક–મોહથી મુક્ત કરીને હું કાયમને માટે કૃતાર્થ કરું છું. એ જીવની જીવનયાત્રાને સરળ અને સુરક્ષિત કરું છું. એના આત્મવિકાસની બધી જ જવાબ-દારીને ઉપાડી લઉં છું. એવી પરમપવિત્ર પ્રતિજ્ઞા બીજું કોણ કરી શકે તેમ છે? બીજા કોઈની પ્રતિજ્ઞાનું મૂલ્ય પણ શું? ગીતાના શબ્દોના રૂપમાં ભગવાને એવી બાંયધરી આપી છે અથવા એવો દસ્તાવેજ કરી આપ્યો છે જેનો કદી ભંગ કે નાશ ના થાય, એનું લખાણ ખૂબ જ વિશ્વાસનીય છે. એ દસ્તાવેજ પ્રેમ તથા શ્રદ્ધાનો છે. એ આપણા સામાન્ય લૌકિક દસ્તાવેજ જેવો નથી. જેમાં ઈચ્છાનુસાર ફેરફાર થઈ શકે.

ગીતાના એ શબ્દો શરણાગત સાધકની શ્રદ્ધાભક્તિને વધારે છે. એને અધિક બળ મળે છે, અવનવો ઉત્સાહ સાંપડે છે, અને એનો વિશ્વાસ વધે છે. એને થાય છે કે ભગવાન મારું અમંગલ કદી પણ નહિ થવા દે. મારું સર્વત્ર સર્વ પ્રકારે કલ્યાણ કરશે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| એક ભાવપૂર્ણ અંજલિ ધરતો પત્ર | કલ્યાણ | ૧૨ |
| ફેરા | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| તંત્ર આલોચના | પરમાર્થી | ૨૫ |
| શ્રીમદ્ ભાગવત વિમર્શ | પ્રો. જનાર્દનભાઇ દવે | ૩૧ |
| જપયજ્ઞ | તંત્રી | ૩૫ |
| સંતકૃપાથી ભક્તિની પ્રાપ્તિ | મહાત્મા યોગેશ્વરજી | ૩૬ |
| ઉપનિષદની શાન્તિભાવના | મધુરમ્ | ૪૩ |
| સ્ત્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૯ |
| કર્મમાં સારાનરસાપણું | પૂ. મોટા | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ સપ્ટેમ્બર–૧૯૯૬ અંક : ૧૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૭–૫–૮૧, રવિવાર, વૈશાખ સુદ ચૌદસ, ૨૦૩૭**

**સ્થળ : લૉ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ.**

ધ્યાનના આરંભમાં પ્રાર્થના અને સદ્‌ગુરુનું સ્મરણ કરી સૌની કૃપા માગવી. બધાની કૃપા મળે પણ પોતાની કૃપા ન મળે તો? જેથી આત્મદેવને જગાડવા તેમની કૃપા પણ માંગો.

કેટલાક સાધકો પૂછે છે, "ધ્યાન કરતી વખતે શક્તિપાત કે બીજી મદદ મળે ખરી? તો આપણે કહીએ છીએ કે મદદ મળે જ છે. જેની સંનિધિમાં બેઠા છીએ તેની મદદ મળે જ છે. પુષ્પના બગીચામાં જનારને સુગંધ મળે જ છે. સંકલ્પથી તે મદદ મળે છે. એટલે શક્તિપાત નહીં, પણ શક્તિના પ્રાગટ્યમાં મદદ મળે જ છે. સૂર્ય જેમ પદ્મદળને કિરણથી સ્પર્શ કરે તેથી તે ખીલે, તેમ

અમે પ્રાર્થનાનાં કિરણો દ્વારા આંદોલનો વહેવડાવીએ જેથી તમારી કળીને મદદ મળે."

આવા સુમધુર આશીર્વચન આપી ધ્યાનની બેઠક એક કલાક સવારે ૮ થી ૯ શરૂ કરાવી. લગભગ સવા નવે પૂ. શ્રી ૐકારના પાંચ વારના ઉચ્ચાર સાથે ધ્યાનની બેઠક પૂર્ણ કરે છે. ત્યારબાદ થોડી હળવી કસરતો પૂ. શ્રી સાધકોને બતાવે છે.

ગઈરાત્રે પૂ. શ્રી ચોપાઈનો અનુવાદ ખૂબ સુંદર રીતે રમૂજ કરતા કરતા ગાઈ બતાવ્યો. ત્યારબાદ પૂ. શ્રીને માતાજીનું સ્મરણ થયું. કહેવા લાગ્યા : માતાજીનું શરીર શાંત થયું ત્યાર પછી કદાચ હું મૌન રાખીને એકાંતવાસ જ કરત. પ્રવચનો વગેરેમાં રસ જ ન રહેત પણ ઈશ્વરની કૃપા કે તમે સમયસર મારા જીવનમાં આવી ગયાં. (સર્વેશ્વરીને) જનતાને વિશેષ લાભ મળવાનો હશે."

સવારે સમયસર સ્નાન ને વ્યાયામ કરતાં પહેલાં રામાયણ-લેખન શરૂ કર્યું. જેથી વ્યાયામમાં થોડી ઊતાવળ કરવી પડી. પરિણામે આજે દૂધ લેવાનું બંધ રાખ્યું. કારણ શિબિરના કાર્યક્રમ-માં સમયસર જવું જરૂરી હતું.

બરાબર આઠ વાગ્યે આવીને પૂ. શ્રી બેઠક લઈને ધ્યાનનો કાર્યક્રમ શરૂ કરે છે. તે પૂર્ણ થતાં હળવી કસરતો કરાવ્યા બાદ પૂ. શ્રી કહે છે :

પ્રકાશના પંથેમાં તમે વાંચ્યું, ઉપવાસો કેવા થયા. માતાજીનું પણ કેવું મનોબળ, તેમને હું ગરમ ભોજન બનાવીને જમે એવો આગ્રહ રાખતો, તપશ્ચર્યા કરતાં, કઠોર તપ કરતાં હવે વાણીનું મૌન રાખીને પણ પહેલાંના કાળમાં કઠોર તપ થતાં હશે. આપણે આપણી મર્યાદામાં રહીને વ્રત નિયમો પાળવા જ જોઈએ. અમુક નિયમો પાળવા જ.



મધુરભાષી થવું છે, ઉપયોગી બનવું જ છે. પ્રાર્થના કરવી જ છે. નમ્ર બનવું જ છે. ભોજનમાં ઓછા પદાર્થો જ ખાવા છે. ઉજાગરા કરવા નથી, નિયમિત વ્યાયામ કરવો જ છે. એવા નિયમો શિબિરમાં લઈએ પછી તો આખું જીવન જ શિબિર છે. જીવન જ શુચિ છે. બહાર જઈએ તો તે નિયમોથી જીવન ઉજ્જ્વળ કરીએ. નિયમિત બનીએ. જીવનમાં સૌથી વધુ કિમતી સમય છે. તો પ્રત્યેક પળનો ઉત્તમ ઉપયોગ કરી એવા સદ્‌ગુણોને કેળવીએ ને નિયમોને વળગી રહીએ.

અન્યાય, અધર્મનો વાણીથી પણ પ્રતિકાર કરીએ. શાંતિથી ક્રાંતિ કરીએ. સેવા પણ તપ છે. વ્યવસાય કરતાં કરતાં સેવા તથા નિયમો લઈ શકાય. અપરિણિત જીવન તેમ જ પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કરીએ, પરિણિત જીવનમાં પણ પંદર વરસ પછી 'અલમ્' આવાં વ્રતો, નિયમો પાળીએ તો સારું. અધિકારનું જ લઈએ. અનાધિકારનું ના લઈએ. તો આખો દેશ કેવો સરસ બની જાય?

મતભેદો હોય પણ સંઘબળ કેળવીએ. જીવન જ તપ. વ્યવ-હાર જ તપ. પહેલા સત્યુગમાં કેવાં તપ થતાં, રામચરિતમાનસમાં મનુ ને શતરૂપાનાં તપ જુઓ તો ખરા!

શરીરમાં રહેલું મન ને એમાંથી સૃષ્ટિ સર્જાય તો તે મન શતરૂપા–વિવિધ રૂપવાળું બને છે. બુદ્ધિ સો રૂપો ધારણ કરે. મન એ આપણા શરીરનો રાજા છે. તેની રાણી શતરૂપા બુદ્ધિ છે.

(એમ કહી રામચરિતમાનસની ચોપાઈઓ ગાવા માંડી).

રાજ્ય સુતને કરી અર્પણ,
મનુએ કીધું વનગમન.

શતરૂપાની સાથે પ્રસન્ન,
આવ્યા તીર્થ નૈમિષારણ્ય.

વચ્ચે વચ્ચે સમજાવવા પણ માંડયું. પૂ. શ્રીનું આ નવું સ્વરૂપ શ્રોતાઓને ઘણું આકર્ષક લાગ્યું. તપનું વર્ણન કરી કહ્યું : આવી તપશ્ચર્યાઓ થતી. હવે એવી તપશ્ચર્યા થતી નથી. ભક્તિ તો છે જ, પણ સંસારની ભક્તિ છે. એ બધું ન થાય તો વાંધો નહીં, પણ સાચું જ બોલો. નિંદા ન કરાય, ખરાબ ન કરાય., ઝાડ ન રોપાય તો વાંધો નહીં, પણ કોઈકે રોપેલા ઝાડને ઉખેડી ન નંખાય.

સુખદાયક છે જેનું સ્મરણ,
સુખદાયક છે જેનું શરણ,
ગણનાયક કરિવરવદન,
બુદ્ધિરાશિ શુભગુણસદન.

વળી થોડી વાતો કરી ધૂન બોલાવે છે.

ૐ નમો ભગવતે વાસુદેવાય.
વાસુદેવાય જો ભાવે ભજાય.
માયા ને મમતાના બંધ કપાય.

ધૂન બાદ કાર્યક્રમ પૂર્ણ કરી, પૂ. શ્રી શિબિરના પોતાના ઉતારા ઉપર જઇ દૂધ લે છે. વળી પાછા સાડા દશે હોલમાં આવી જવાનું બને છે.

પ્રશ્નોત્તરના કાર્યક્રમ પહેલાં એક ભજન સાધકબેન ગાય છે. પછી શ્રી નારાયણભાઇ જાની પ્રશ્નો વાંચવાનું શરૂ કરે છે. ઘડીયાળમાં સાડા દશ થઇ ગયા છે.

**પ્રશ્ન :** મંત્ર નાનો હોય તે સારો કે લાંબો હોય તે સારો?

**પૂ. શ્રી :** એ મારે પસંદ નથી કરવાનું. કોઇને લાંબી કફની ગમે. કોઇને વળી લાંબી છોકરી ગમે. કોઇને વળી નાની રોટલી જોઇએ. અરે, ધોતીયા તો જુઓ. થીસીસ લખાય એવો છે. કોઇને આરપાર ગમે, કોઇને જાડુ ગમે. એટલે રુચિ ને પ્રકૃતિ જુદી જુદી તે મુજબ પસંદગી જુદી.



પણ મને જો પૂછો તો નાનો મંત્ર સારો. પણ માણસને સીધું ઓછું ગમે, એટલે ઘણાં લાંબા મંત્રો પસંદ કરે છે. અનુષ્ઠાન, પુરશ્ચરણમાં નાના મંત્રો સારા છે.

**પ્રશ્ન :** શંકર, બ્રહ્મા, વિષ્ણુ જપ કરવા ગયા તો તેઓ કોનું ધ્યાન કરતા? કારણ તેઓ ભગવાન કહેવાતા.

**પૂ. શ્રી :** ગયા એ બધા તપ કરવા, ને સમજાવવાનું મારે (હસાહસ) સમજાવવાનું અમને સોંપ્યું હોય એમ સૌ માને છે. એ સૌ તપ કરવા ગયા તે મેં તો જોયું જ નથી.

તમે જ્યારે ધ્યાન ધરો, તપ કરો ત્યારે બીજાને યાદ કરો કે બીજાનું ધ્યાન કરો એવું નથી કહ્યું. તમે તમારી જાતમાં પણ ડૂબી શકો. તમે તમારું ધ્યાન પણ ધરી શકો.

પાર્વતીને પૂછાવીએ પણ સરનામાં નથી. (હસાહસ) પણ કોઇનું ધ્યાન ન ધરે, તે પોતાનું ધ્યાન ધરી શકે. ભગવાન પોતે પણ પોતાનું ધ્યાન ધરી શકે.

ભગવાન ઉત્તમ કર્મો કરે તો તે જોઇને ભક્તો પણ કરેને? મહાપુરુષો જે જે કરે તે તે લોકો અનુસરે, એ દૃષ્ટિએ ભગવાન બનીને જપ કરે તો આપણે તો કરવા જ જોઇએ ને! ભગવાન ભગવાનને છાજે એવાં જ કામો કરે ને. જ્ઞાનની ચર્ચા, જપ જ કરે ને. બીજાને પ્રેરણા આપે એવા સત્કર્મો પણ કરે ને. સત્કર્મોનું અનુષ્ઠાન જીવનમાં ચાલુ જ રહેવું જોઇએ. પછી તે દેવ હોય,

દાનવ હોય કે ભગવાન હોય.

**પ્રશ્ન :** લગ્ન સાધકને બાધક નથી તો આપે શા માટે લગ્નનો અનાદર કર્યો?

**પૂ. શ્રી :** પ્રશ્ન એમ પૂછાય કે તમે લગ્ન કેમ ના કર્યું? પ્રશ્ન પૂછવાની પણ કળા છે.

લગ્નમાં પ્રવેશ કર્યો નથી કેમ કે પ્રવેશ કરવાનું આપણા હાથમાં નથી. શક્તિના હાથમાં છે.

તારું ધાર્યું થાય એટલું. હરિઇચ્છા અનુસરે.

(લો ભાઇ, અમારા ગામમાં એક માણભટ્ટ હતા. એમ કહીને માણભટ્ટની પોતાને પત્ની ન હતી તેની રમૂજી વાતો કરી.)

માણસના હાથની એ વાત નથી. ઋણાનુબંધની વાત છે. યોગ એવા હશે તો ઉત્તર–દક્ષિણ જીવન ચાલશે.

બીજી વાત, છોકરો મુંબઇ ભણતો હોય એટલે છોકરાના ભાવ બોલાય. એક કરતાં એકાશી માગાં આવે. તે જમાનામાં મુંબઇ જવું એ ઇંગ્લેન્ડ જવા બરાબર લાગતું. પણ મારે તો યોગી થવાનો નિર્ણય હતો.

બીજી વાત, તમે માનો કે ન માનો, પણ મને નાનપણથી વાસના થતી જ ન હતી. જાતીયવૃત્તિ ઉદ્ભવી જ નથી. એટલે લગ્ન મારે માટે આવશ્યકતા ન હતી. હું તો માનું છું કે સંન્યાસ ક્ષેત્ર કરતાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે.

મેં આર્ટસની લાઇન લીધી એનો અર્થ એમ નથી કે મને સાયન્સની લાઇન પર નફરત છે. પૂર્વની સાધના હશે એટલે મને પવિત્ર મન ને વાસનાવિહિન જીવન વારસામાં મળ્યું છે.



તમે કલ્પના ન કરી શકો એવા એવા પ્રસંગો જીવનમાં બને છે. (એમ કહી પંજાબના કપૂરથલા શહેરની વાત કરે છે)

સમય થતાં પૂ. શ્રી આ પ્રશ્નની સાથે હરિઃ ૐ તત્સત્, હરિઃ ૐ તત્સત્‌ની ધૂન બોલાવી આ કાર્યક્રમ પૂર્ણ કરે છે. ત્યારબાદ ૨૫ મિનિટનું ધ્યાન શરૂ થયું. ધ્યાનબાદ એક ભજન ગાવાની પૂ. શ્રીએ આજ્ઞા કરી જેથી 'પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે, મને રંગી દે ને પ્રેમરંગથી' ભજન સર્વેશ્વરી ગવડાવે છે. કાર્યક્રમ પૂર્ણ થાય છે.

નારણપૂરાના ઉતારા પર પૂ. શ્રી સમયસર આવી જાય છે. મગ, ભાત ને કેરીના રસનું ભોજન પૂ. શ્રી લે છે. ત્યારબાદ થોડો આરામ કરી રામાયણ લેખન કરે છે. સાડાત્રણે તૈયાર થઇ જાય છે. ચાર વાગ્યે પૂ. શ્રી શિબિરના સ્થળે આવી જાય છે.

આજે સાધકોના વાર્તાલાપમાં મોરબીના શ્રી હરિભાઇ ભોજાણી સર્વેશ્વરી વિશે વાતો કરે છે. ત્યારબાદ આજે સાધકોની માંગણીના અનુસંધાનમાં સર્વેશ્વરી એક કલાક આધ્યાત્મિક વાર્તાલાપ આપે છે.

પૂ. શ્રી કહે છે : અનુભવના ભંડારમાંથી થોડુંક સેમ્પલ જ 'મા'એ આપ્યું છે. હવે તમારે જેટલું કઢાવવું હોય એટલું કઢાવી શકો છો. ડાયરીઓ લખે છે. જેમાંથી પુષ્કળ જાણવાનું મળશે.

શિબિરના સુવર્ણ દિવસો છે. સાધનાત્મક રીતે એનો સદુપયોગ કરી લો.

આજે સર્વેશ્વરીના વ્યક્તવ્ય પછી પૂ. શ્રીએ ૧૫ મિનિટનું ધ્યાન કરાવ્યું. ત્યારબાદ શિબિરના ઉતારા પર આવી રામાયણ લેખનમાં મગ્ન બની ગયા.

સમયસર પ્રવચન અપાયું જેમાં બૌદ્ધસાધુ ને રમણર્હિષની વાતો વણી લીધી. 'સત્વાપત્તિ' ત્રીજી ભૂમિકાની વાતો શરૂ થઇ.

પ્રવચનબાદ નારણપુરાના ઉતારા પર આવી પૂ. શ્રી બટાટાવડા, કેરી, દૂધ વિગેરે લે છે. ત્યારબાદ લેખનકાર્યમાં મગ્ન બને છે.

આજે પૂ. શ્રીની રજા લઇ સર્વેશ્વરી શિબિરના સ્થળે મળવા જાય છે. પણ ત્યાં આખ્યાનમાં બેઠેલા શ્રોતાઓ સર્વેશ્વરી પાસે જ આવી જાય છે. જેથી સર્વેશ્વરીએ ફરજીયાત હોલમાં ચાલતા આખ્યાનમાં જવું પડે છે. ત્યાંથી આવતા ૧૧.૪૫ થઇ જાય છે જેથી પૂ. શ્રી થોડો ઠપકો આપે છે.

એટલાં બધાં લાગણીશીલ ન બનો. એટલાં કોઇથી દબાઇ પણ ન જાઓ, હિંમતપૂર્વક કહી દો કે મારે સમય થઇ ગયો છે. હું જાઉં છું. વગેરે વગેરે.

વળી કહેવા લાગ્યા : મારા વિના તમને કોણ કહે? તમારે ખોટું ન લગાડવું. તમારા ઉપરના પ્રેમભાવને લીધે કહું છું, કારણ એ રીતે જવા આવવામાં વ્યક્તિગત રીતે તમને જ કેટલું બધું નુકસાન છે તે વિચારો.

વળી બીજી વાતો થઇ જેમાં વડોદરા જીતુભાઇના પિતાની માંદગીની વાતો પણ થઇ. પૂ. શ્રીએ કહ્યું : હવે પાકું પાન કહેવાય. ઘણું થયું એમને માટે. કાલે પત્ર લખજો કે સમાચાર મળ્યા, દુઃખ થયું, સેવા કરજો.

સર્વેશ્વરી પત્રને બદલે તાર કરવાનું વિચારે છે. પૂ. શ્રી સંમતિ આપે છે. વળી વિચારવામાં આવે છે કે કોઇને ચીઠ્ઠીથી સમાચાર મોકલીએ તે પાછા સમાચાર લાવે પણ ખરા. અને વડોદરા એક ભાઇને જ મોકલવાનું નક્કી થયું, જેમાં ટેલીગ્રામનો જ સંદેશો લખીને મોકલવાનું નક્કી થયું. 'સમાચાર જાણ્યા, દુઃખ થયું સેવા



કરજો,' શિબિરમાં ન અવાય તે પણ જાણ્યું. અહીંથી ફોન જોડવાનો પ્રયત્ન થાય છે પણ ફોન કામ નથી આપતો. વિગેરે વાતો લખવાની હતી.

ડાયરી રાત્રે દોઢ વાગ્યે લખાય છે. પૂ. શ્રી આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

**સુવાક્ય**

વાણી અને પાણી જે મફત મળ્યાં છે, તેનો ઉપયોગ સાધકે વિવેકપૂર્વક કરવો જોઇએ. **યોગેશ્વરજી**

**ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭

### પૂ. શ્રી મા સર્વેશ્વરીને

# એક ભાવપૂર્ણ અંજલિ ધરતો પત્ર

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

[નોંધ : શ્રી કલ્યાણ એક ભાવપૂર્ણ ભક્તિપ્રધાન સંવેદનશીલ વ્યક્તિ છે. તેઓ પૂ. મા સર્વેશ્વરી પ્રત્યે અનન્ય રાગાત્મિકા ભક્તિ અને નિષ્ઠા ધરાવે છે. પૂ. માના લીલાપ્રસંગો વર્ણવતા તેઓશ્રીના ભાવપ્રધાન સરસ મજાના લેખોથી અધ્યાત્મના વાંચકો સુપરિચિત છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી ભાઇ કલ્યાણની કલમનું પ્રદાન અધ્યાત્મને મળતું બંધ થઇ ગયું છે. તે દુઃખદ છે. પરંતુ તેઓ તો પૂ. માની આજ્ઞાને આધીન છે એમ જાણવા મળ્યું છે. કારણ જે હોય તે.

આપણા સહુનું સદ્‌ભાગ્ય છે કે શ્રી કલ્યાણે પૂ. માને અમેરિકા જે ખૂબ ભાવપૂર્ણ પત્ર લખેલ અને જેનું વાંચન પૂ. માની અનુમતિથી અમેરિકામાં શ્રી ભગવાનજીભાઇ ભક્તને આંગણે પૂ. માના ઉપવાસોના બાર વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં વાંચવામાં આવેલ (જુઓ જૂન '૯૬ ના અંકનું પાનું ૫૮) તેને હવે અધ્યાત્મમાં છાપવાની અનુમતિ–ભક્તોના આગ્રહને વશ થઇ પૂ. માએ આપી છે, તે બદલ અમે પૂ. મા સર્વેશ્વરીના આભારી છીએ. અમને આશા છે કે તે પત્ર લાંબો હોવા છતાં, સહુને વાંચવો ખૂબ ગમશે.

— તંત્રી]



**પરમ વાત્સલ્યમયી મા**

મારા જીવનપટપર જ્યારે નજર માંડું છું ત્યારે માત્ર આપના પ્રેમના તાણાવાણાથી એ જીવનપોત ગૂંથાયેલું લાગે છે. આપના પ્રેમોપકારોની છત્રછાયા સર્વત્ર છવાયેલી છે! મારી જીવનવીણાના તાર આપના પ્રેમસ્પર્શથી ઝંકૃત થયેલા છે એટલે આપનું જ પ્રેમગીત ગાવાનું મને ખૂબ ગમે છે. આ પત્ર પણ આપના પાવન પ્રેમસ્પર્શનું સંગીતમય ગીત જ છે!

મા, શું લખું? લખવા કરતાં ઊડીને આપના પાવન દર્શન પામવા દોડી આવવાની ઇચ્છા ઉત્કટ બની જાય છે! કારણ કે આપની પાસેથી જે નિઃસ્વાર્થ, નિઃસીમ પ્રેમ પામ્યો છું તે બીજેથી મળ્યો નથી. એટલું જ નહીં આપના પાવન દર્શનમાં જ પરમાત્માની પ્રત્યક્ષતાનો અનુભવ કર્યો છે! આપના દર્શનમાં જ પરમદર્શનની તૃપ્તિ માણી છે. જેમ જેમ અંતરની વિશુદ્ધિ સધાતી જાય છે તેમ તેમ દર્શનની પરિતૃપ્તિ વધુને વધુ ગહન બનતી જાય છે. દિવ્ય અનુભૂતિની જે કંઇ પણ કમી છે તે તો જીવપક્ષે છે. આપ તો પ્રેમલ પ્રેમલ, વિમલ વિમલ પરમશક્તિનું પૂર્ણ પાવન માતૃવાત્સલ્ય સ્વરૂપ છો. મા, આપનાથી વિશેષ બીજા કોઇ પરમાત્મા હશે તેવી કલ્પના પણ કદી થઇ નથી! મા, આપ જ્યારથી મળ્યાં છો ત્યારથી 'મળવાનું બધું જ મળી ગયું છે' તેવી હાશ અંતરે અનુભવી છે. સાથે સાથે સલામતી અને રક્ષણની ભાવના પણ પ્રબળ બની ગઇ છે કે "મા બેઠાં છે, પછી આપણે શું ચિંતા?" આ જન્મનું અને મૃત્યુપર્યંતનું જીવન પણ મા જ સંભાળશે! અને ખરેખર! મા, આપે સંભાળ્યું જ છે ને! ચારૂલ ફ્લેટ્સના નિવાસ દરમ્યાન આપે પ્રભુ પાસેથી ભક્તોનાં પૂર્વ-જન્મની જે વાતો જાણી તે ભક્તોના રક્ષણનો દસ્તાવેજ નથી તો

બીજું શું છે? જન્મોથી ભક્તોના કલ્યાણ માટે આપનો પરમ-પ્રેમ કેટલો બધો ગૂઢપણે કાર્યરત છે તે કોણ સમજી શકે? ખરેખર મા, તમારા બાળકોને તમે ફૂલની જેમ સાચવો છો અને તેઓને જન્મોના પરિતાપોથી બચાવો છો તે પૂર્ણ સત્ય હકીકત છે! પરમશક્તિના પરમપ્રેમનો ઇતિહાસ દેશકાળના ઇતિહાસ કરતાં પણ વધુ નક્કર અને વાસ્તવિક છે. નહીંતર કબીરસાહેબ તો આજથી ૬૦૦ વર્ષ પહેલાં થયા તો ત્યારથી ઈશ્વરભાઇ પરમાર્થીની રક્ષા કોણે કરી? છસો વર્ષ પહેલાં શિષ્ય તરીકે કબીર સાહેબ પાસે આવેલા ઈશ્વરભાઇને આજે પણ આપ અને પ્રભુના ચરણમાં લાવનાર શક્તિ કઇ છે? છસો વર્ષપર્યંત જીવનું જતન કરીને આજની કક્ષાએ લઇ જનાર અને આજે પણ હથેળીમાં રાખીને જતન કરનાર, મા, આપ જ કેવલ આપ જ છો! જીવન અને મૃત્યુની અનેક ઘટમાળ વચ્ચે પણ ગુરુહરિમાં અખંડ શ્રદ્ધાદીપ પ્રજ્જ્વલિત રાખનાર આપ સિવાય બીજું કોણ હોઇ શકે? આજે પણ જીવોના કલ્યાણ માટે પ્રકટ સ્વરૂપ ધારણ કરીને જીવને એ લીલામય જીવનમાં મગ્ન બનાવીને પ્રારબ્ધનો ક્ષય કરાવી રહ્યાં છો એ કૃપાને કોણ સમજી શકશે! મા, બાળકો માટેના આ પરમ-પ્રેમનો તાગ કોણ લઇ શકશે? મા, એ કેટલું સત્ય છે કે જીવના અપરાધોનો પાર નથીને અને આપની કરુણાનો પણ પાર નથી! જીવનો ઉદ્ધાર ન થાય ત્યાંસુધી કરુણાની ગંગા નિરંતર વહેતી જ રહે છે! ખરેખર, મા! જીવની શક્તિ ઘણી અલ્પ છે, એ આપના ગહન ગૂઢ પ્રેમનો પાર પામી શકે તેમ નથી! અરે કલ્પના પણ નહીં કરી શકે!

મા, અમને આપના પરમશક્તિના પ્રકટ સ્વરૂપનો મહિમા જેટલો વહેલો સમજાય તેટલો લાભકારક છે. આપના પાવન માતૃચરણે જીવન વહેલીતકે સમર્પિત થઇ જાય એમાં જ કલ્યાણ



છે. સમય વીતી ગયા પછી તો પસ્તાવા સિવાય બીજું શું રહેશે? જીવ આપને ઓળખી, સમજી, સન્માની ને પામી શકે કે ના પણ પામી શકે તે જીવના સંસ્કારની વાત છે, જીવના સંસ્કારો ગમે તેવા હોય પરંતુ આપ પ્રકટ પરમાત્મા છો તેનો ઇન્કાર ક્યાં થઇ શકે તેમ છે? શ્રીરામ, શ્રીકૃષ્ણ જેવા અવતારી પરમપુરુષો જેવું જ, અલબત્ત, અમારે મન એથી પણ વધારે ઉજ્જ્વળ, તપસ્વી, તથા ત્યાગ, સંયમ અને સમર્પણભાવથી સુશોભિત અને અપૂર્વ, અપાર, અનુપમ પરમપ્રેમના લાવણ્યથી પ્રફુલ્લિત લીલામય જીવન-નું દર્શન અમને કરાવી રહ્યાં છો! વળી માતૃસ્વરૂપની વિશેષતા બીજા અવતારોમાં ક્યાં માણવા મળે છે? કૃપા, કરુણા, દયા અને વાત્સલ્યના તો આપ ભંડાર છો! માતૃસ્વરૂપની સહજતા સાથે આ ગુણભંડાર સ્વાભાવિકપણે આપની પરમ પ્રકૃતિમાં આપે ધારણ કર્યો છે. મા, આ કંઇ કોરા શબ્દોની પ્રશસ્તિ નથી, આ તો અમે બાળકોએ જે માતૃવાત્સલ્ય માણ્યું છે તેનું પુણ્ય સ્મરણ છે, માતૃ-વાત્સલ્યની માવજતથી અમારી આંગળીઓ પકડીને અમને પરમપંથે દોરીને સાથે ચાલી રહ્યાં છો. મા, અમે આપનાં જે પ્રેમ, હૂંફ, વાત્સલ્ય માણ્યાં છે તેનો પ્રતિભાવ ગદ્‌ગદિત ભાવની ભાષા સિવાય આપી શકીએ તેમ નથી, મા, સાચું કહું તો અર્જુનથી પણ વિશેષ સૌભાગ્ય અમને મળ્યું છે. શ્રીકૃષ્ણપ્રભુએ અર્જુનને ભલે નિકટનું સખ્ય આપ્યું હશે પરંતુ અમારાં મા તો અમારા ઘરના પ્રભુ છે. મા અમારા ઘરમાં રહે છે કે અમે માના ઘરમાં રહીએ છીએ તેના ભેદ રહ્યા નથી! સર્વાવસ્થામાં અને સર્વકાળે અમે માની હૂંફ માણી રહ્યા છીએ. અર્જુનની જેમ માના ખોળામાં મસ્તક મૂકી ત્રિવિધ તાપથી મુક્ત થઇ નિશ્ચિંત થઇ જઇએ છીએ! માના વાત્સલ્યભર્યા વરદહસ્તનો સ્પર્શ અમારા માટે નિજાનંદની અવધિ છે. સમગ્ર સૃષ્ટિનું સામ્રાજ્ય પણ માના હૂંફની તોલે આવી

શકે તેમ નથી! મા, આ પરમ સૌભાગ્ય જેવું તેવું નથી! જ્ઞાની, યોગી, ઋષિવરો કે દેવગણોને હજારો વર્ષની તપસ્યાથી પણ ન મળે તેવું પરમ સાન્નિધ્યના સૌભાગ્યનું સુખ અમને મળ્યું છે. મા, કલ્પવૃક્ષ તો મળ્યું છે પણ તેની છત્રછાંયામાં બેસીએ ત્યારે-ને? કામધેનું સામે ચાલીને અમારા જીવન આંગણે પધારી છે. પણ અમૃતનો આસ્વાદ માણીએ તો જ તેની સાર્થકતા છે. મા, આપે આપવામાં કંઇ બાકી રાખ્યું નથી. મા છો એટલે વરસી રહ્યાં છો, બીજા કોઇ ઈશ્વરી અવતારમાં માતૃસ્વરૂપની આવી મીઠાશ નહીં મળે!

મા–પ્રભુ જાણતા હતા કે માને સમજવાનું જીવોનું ગજુ નથી એટલે તેઓ સ્વહસ્તે આપનો પરિચય આપતા ગયા છે એટલું જ નહીં પણ ભાવિક ભક્તો આગળ આપનો અપરંપાર મહિમા ભારે ભાવપૂર્વક ગાયો છે! માતૃમહિમા ગાવા માટે પ્રભુએ પોતાની વાણીશક્તિ, શબ્દશક્તિ અને જ્ઞાનશક્તિનો ભંડાર છૂટે હાથે વેર્યો છે! પ્રભુએ તો આપના પ્રકટ સ્વરૂપનો મહિમા જાણ્યો એટલે માતૃસ્વરૂપના મહિમાનું મન મૂકીને ગાન કર્યું. પરંતુ આપે તો માતૃમહિમાને ચાર ચાંદ લાગી જાય એવું ગૌરવવંતુ લીલામય જીવન સૌ વચ્ચે રહીને જીવી બતાવ્યું છે! આપે પરિચયનાં ઓશિયાળા રહ્યા સિવાય સ્વયં અદ્‌ભુત લીલાવિહારદ્વારા પરમ-શક્તિનો પરિચય આપી દીધો છે. અવતારોની હારમાળામાં ભવ્યા-તિભવ્ય અને દિવ્યાતિદિવ્ય જીવન વિહાર કરીને મેરુસમાન સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. પ્રભુએ વર્ણવેલ પરિચયને પણ પાછો પાડી દે તેવો પરમપ્રેમ પ્લાવિત, ભારે ઉગ્ર તપસ્વી પરમ લીલામય જીવન વિહાર સૌના આશ્ચર્ય વચ્ચે ચાલી રહ્યો છે. મા, આપે પરમપ્રેમ, અપાર વાત્સલ્ય, વિરલતપ, સંપૂર્ણ ત્યાગ, અજોડ નિશ્ચયશક્તિ, પૂર્ણ શરણાગતિ, કઠોર સંયમ, અનુપમ ગુરુભક્તિ, ભગીરથ



પુરુષાર્થ, તેજસ્વી પરાક્રમવૃત્તિ અને પારાવાર પ્રસન્નતાથી મંડિત પરમપ્રકૃતિદ્વારા ભારતીય અધ્યાત્મ સંસ્કૃતિની અવતાર શૃંખલામાં ભારે ગૌરવાન્વિત પરમોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મા, આપના આ જ માતૃસ્વરૂમાં મારી નિષ્ઠા છે. માતૃસ્વરૂપ-ના ગુણગાન ગાવામાં મારા જીવનની ઇતિકર્તવ્યતા છે. એટલે અનેક જન્મો પછી ભક્તિ પરિપક્વ થાય ત્યારે આ જ માતૃ-સ્વરૂપમાં દર્શન આપજો. મને શ્રી કાકભુશૂંડજીની શ્રી રામસ્વરૂપ-ની નિષ્ઠા યાદ આવે છે. શ્રી કાકભુશૂંડજીએ કાકશરીરમાં શ્રીરામ નાં દર્શન કર્યાં એટલે શ્રીરામસ્વવૂપની પરમસ્મૃતિમાં પોતાનું કાક-શરીર આજપર્યંત ટકાવી રાખીને પ્રભુના ગુણગાન ગાયા કરે છે. શ્રી કાકભુશૂંડજી જેવી મારી ભક્તિની શક્તિ નથી કે મારું શરીર ટકાવી શકું! એટલે મારી વાત તેમનાથી ઉલ્ટી છે, મને આપના માતૃસ્વરૂપમાં પરમાત્માના દર્શન થયાં છે તો એ માતૃસ્વરૂપની યાદમાં આપનું આ 'મા સર્વેશ્વરી'નું સ્વરૂપ યુગોપર્યંત ટકાવી રાખજો. મારું શરીર ભલે બદલાયાં કરે પણ દરેક જન્મે પર-માત્મદર્શન તો 'મા સર્વેશ્વરી'ના સ્વરૂપમાં જ જોઇએ, જન્મ-મરણના ચક્રો ચાલે ત્યાંસુધી આપના આ જ શ્રી વિગ્રહમાં મારી પ્રીતિ રહે તેવી શ્રદ્ધા અખંડ રાખજો. જન્મે જન્મે બસ, આવાજ સરળ સરસ, હળવાં, હેતાળ, હસમુખા પરમાત્મા જ જોઇએ. આ માતૃસ્વરૂપના દર્શનની ધન્યતા અન્ય સ્વરૂપોમાં નહીં પામી શકાય. મારું જે પણ કંઇ તપ કહો તે માતૃસ્વરૂપના ગુણગાન ગાવામાં સમાયેલું છે. એટલે મને નરસિંહ મહેતાની વાત ખૂબ ગમે છે.

માના બાળક તો મુક્તિના માગે,<br>
માગે જન્મોજન્મ અવતાર રે,

નિત દર્શન, નિત કીર્તન ઓચ્છવ,
નિરખવાં સર્વેશ્વરી માત રે.

મા, એક અવતાર એવો લો કે બસ, તમે સામે બેસી રહો અને અમે આપના ગુણગાન ગાયાં જ કરીએ. દર્શન આપવા સિવાય બીજું કોઇ યુગકાર્ય કરવાનું જ નહીં બસ,

આનંદ મંગલ કરું આરતી,
હરિ ગુરુ સર્વેશ્વરી માતરે.

મા, આ જન્મે આપના પ્રકટ સ્વરૂપની પરમલીલાનું જે અનુપમ સાન્નિધ્ય ધર્યું છે, તેથી હૈયું ઉપકારવશ બની ગદ્‌ગદ્ બની જાય છે. આપના પ્રકટ સ્વરૂપનું સાન્નિધ્ય મળવું એ ખરેખર અસાધારણ ઘટના છે. આપની પરમકૃપા વિના એ શક્ય નથી અને શક્ય હોય તોપણ આપના પરમમાતૃસ્વરૂપમાં નિષ્ઠા જાગવી તે પણ કૃપા વિના શક્ય નથી. બધું જ આપની કૃપા અને કરુણા પર નિર્ભર છે. એ કૃપાના ઇતિહાસને તો કેમ ભૂલાય? સમશ્રુંગી, બાહુબલિ અને દશરથાચલના લીલાવિહારને તો હૈયું અનંતયુગો સુધી ગાયા કરશે. હરિદ્વાર તીર્થક્ષેત્રમાં મહિનાઓ સુધી, વર્ષોવર્ષ અર્જુન જેવું સાન્નિધ્ય સુખ આપ્યું. રાતદિવસ બસ માના ખોળામાં જ! ભારતના પરમતીર્થોના તીર્થાટનનો લ્હાવો આપસમા તીર્થાધિરાજની છત્રછાયામાં વારંવાર મળતો રહ્યો છે. એકેય અવતારમાં ન મળ્યું હોય તેવું પરમસાન્નિધ્ય આ માતૃ-અવતારમાં મળ્યું છે. હનુમાનજી, લક્ષ્મણ અને ગોપીજનોથી વિશેષ સાન્નિધ્ય સુખ મળ્યું છે. પણ જીવની અવળચંડાઇનો પાર નથી. શ્રદ્ધા ને વિશ્વાસના અભાવે ફરી માયાચક્રમાં ફસાતાં તેને વાર નથી લાગતી. જીવોની આવી જ મૂર્ખાઇને કારણે એકાંત-વાસની અટારીએ ચાલ્યા જવાનું આપને મન થઇ જાય છે.



આપના સ્વભાવની પણ એ વિરુદ્ધ છે. પરમ સાન્નિધ્યથી વંચિત રહીને જીવો શિક્ષા ભોગવી રહ્યા છે. પણ મા હવે ઘણું થયું! આપની એકાંતમૌનની પરમલીલાનું રહસ્ય ગમે તે હોય પણ અમારું રહસ્ય અમે ખુલ્લું કરીએ છીએ કે મા વિના અમને ગમતું નથી! બાળકો મૂર્ખાઇ કરીને સજા ભોગવે છે અને પ્રકટ સ્વરૂપ-ના પરમ સાન્નિધ્યની સુવર્ણતક હાથમાંથી સરી જાય છે! એકાંત મૌનની લીલા જેમ બને તેમ વહેલી પૂર્ણ કરવા પ્રાર્થના છે.

મા, આપને એમ થશે કે અમેરિકામાં એકાંતમૌનની પૂર્ણાહુતિ કરીએ તો તેથી ભારતના બાળકોને શું લાભ થશે? અમે બધા જ બાળકો આપ પ્રભુના પરમપ્રદેશના જ વાસી છીએ! આપ મૌન ખોલો એટલે સરોજબેન કે વિનોદભાઇ એમ કહે કે મા આમ બોલ્યાં ને તેમ બોલ્યાં, આમ હસ્યાં ને તેમ ચાલ્યાં, આપે પગલે પગલે શું કર્યું તે વાતો અહીં અમારા સત્સંગનો વિષય બની જાય! અને એ લીલાપ્રસંગોના પરમસ્મરણમાં દિવસોના દિવસો વીતી જાય! રોમાંચ થઇ જાય! જે. કે. ને તો જાણે નશો ચડી જાય. બે હાથ ઊંચા કરીને નાચી ઊઠે! એ નશો સૌ સત્સંગીઓને ચડે અને પછી એ.....યને મસ્તીની મહેફીલ ચાલ્યાં જ કરે! મા, આપ પાંચ ડગલાં ચાલો તો પાંચ ભાગવત રચાઇ જાય તેવું આપનું લીલામય સામર્થ્ય છે. ફક્ત એ સામર્થ્યને એકવાર પરિચય પામી લેવાની જરૂર છે.

હમણાં તો શ્રી બાપજી અને શ્રી ઈશ્વરભાઇ આપની આજ્ઞાથી અમારી વચ્ચે આવ્યા એટલે જાણે સત્સંગના ગુલાલથી અમે રંગાઇ ગયા છીએ! મા અને પ્રભુના લીલાપ્રસંગોથી અમારા મનની વસંત જાણે મ્હોરી ઊઠી! આપના લીલાપ્રસંગોથી અમને આપના મહિમાનું ભાન થયું! શ્રી બાપજીની અનુભૂતિઓ ખરેખર અદ્‌ભુત અને સત્ય છે.

મા, કલમ અટકવાનું નામ નથી લેતી! અને અટકે પણ શા માટે? અમારાં વ્હાલાં વ્હાલાં માના ગુણગાન ગાવા માટે તો પૃથ્વીનો કાગળ પણ ટૂંકો પડે! મા! અમારાં મા જ છે એવાં કે એમની વ્હાલપનો કોઇ પાર નહીં અને જો વાત્સલ્યનો પાર ન હોય તો તેનાં વર્ણનનો તો ક્યાંથી પાર આવે!

વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ સારા રે!

મા, આપની પરમ શોભા જ એવી ન્યારી છે! આપ પરમ-ગુણનિધાન છો, ગુણોનું આવું પરમસૌંદર્ય બીજા એકેય અવ-તારમાં જોવા મળતું નથી. 'મા શારદા સર્વ કાળે લખ્યા જ કરે તોપણ જેનો પાર ન આવે' તે વેદવાક્યના પરમસત્યની અમે આજે અનુભૂતિ કરી રહ્યા છીએ!

મા, ઘડીભર એમ માની લઇએ કે આપ માનવ શરીરે પ્રકટયાં જ ન હોત તો અમારી શું દશા થાત? ઘોર સંસારી પ્રવૃત્તિ સિવાય અમારી શું પ્રગતિ હોત? મોહવશ વિષયોમાં ડૂબવા સિવાય બીજો કોઇ માર્ગ જ ક્યાં રહે છે?

ગોવિંદ પ્રકટયાં જ ન હોત તો ગોપીજનોની શી વલે થાત? એમને ક્યાં તપ અને વૈરાગ્યના રંગે રંગાઇને વનમાં ધૂણી ધખાવવી હતી! એમને તો પ્રકટ પુરુષો, તપની લીલામાં રમમાણ થવું હતું! શ્યામરંગે રંગાવું હતું! રાસલીલામાં તન્મય થવું હતું! વનમાળી સંગે વનમાં વિહરવું હતું! વ્રજની નિકુંજોમાં નાચવું હતું! અમારે પણ અમારા મનમોહન માના ઉછરંગમાં રમવું છે! મા, આપને છોડીને અમારે ક્યાંય વનઉપવન કે ગિરિકંદરાઓમાં તપ કરવા જવું નથી! ધ્યાની કે યોગી થવું નથી!



કનૈયાનો યુગાવતાર તો અનેકવિધ લીલા કરવા માટે હતો! અમારી મા જેટલો એણે પ્રેમ ક્યાં કર્યો છે? વાત્સલ્યનો એકાધિ-કાર તો માતૃસ્વરૂપનો જ છે ને! સમગ્રસૃષ્ટિમાં મધુતારૂપે મા જ મલકે છે ને! એટલે તો પ્રભુએ ગાયું "સમગ્ર સૃષ્ટિનું મધુ લઇને પ્રકટયું મારી માનું મુખ" અમારે તો ક્યાંય પ્રમાણ શોધવાનું છે જ નહીંને! અમે તો આપના દિવ્ય વાત્સલ્યની મધુતા માણી છે! જેઓ બાળક બની ગયા છે તેઓ માને મેળવી ગયા છે!

પરમશક્તિ સ્વયં અવતાર ધારણ કરીને આવે અને એ માતૃ-સ્વરૂપને ભજવાનું સૌભાગ્ય મળે એ પાવન અવસરની સુવર્ણતક ચૂકવા જેવી નથી, આપ તો ખોળો પાથરીને બેઠાં છો. વાત્સલ્ય-ભર્યા હાથ પણ લંબાવ્યા છે, પણ અમે જ પાસે ન આવીએ તો?

આપને એમ થતું હશે કે હું શું કરતો હઇશ? આપનું પરમ-સ્મરણ કરવા સિવાય હવે બીજું કંઇ ગમતું નથી. હમણાં જાહેર લેખનકાર્ય તો આપની આજ્ઞા પ્રમાણે બંધ છે. તેમ છતાં આપના સાન્નિધ્યમાં માણેલા આપના પરમલીલાના પ્રસંગોને લીપીબદ્ધ કરી લીધા છે. હરિદ્વાર, મહાબળેશ્વર, વાવ, સુરત અને માસમાના તથા છેલ્લે સીમલાના લીલાપ્રસંગોને મઠારીને તૈયાર કરી લીધા છે.

આપના દિવ્ય લીલાપ્રસંગોમાં રમમાણ રહેવું, શબ્દસૃષ્ટિના સહારે વિહરવાનો આનંદ માણવો એ મારી પ્રિય સાધાના છે. બીજા કોઇને તે ન ગમે તે સ્વાભાવિક છે. પણ મારા એ સ્વતંત્ર અધિકારને જતો કરવાનું તેમ જ તે પર કોઇનો અંકુશ મને ગમે નહીં! મારી પરમમાતાના પરમયશોગાન ગાતાં મને કોઇ રોકી શકે નહીં!

મા, મારું શરીર ગાઢ રજસ તત્ત્વથી બંધાયેલું છે, તપદ્વારા

એની વિશુદ્ધિ સધાઇ નથી તેથી મારું મન આપની દિવ્ય અનુભૂતિઓ કરી શકતું નથી. તપનું કોઇ પીઠબળ મારી પાસે નથી. સુદામાની જેમ સાધનાની નાનકડી તાંદુલ પોટલી બતાવતાં ખૂબ જ શરમ અને સંકોચ અનુભવાય છે! મારામાં તપવ્રતનું પીઠબળ નથી, સમર્પણની ફનાગીરી નથી, આરાધના કે ભક્તિની શક્તિ પણ નથી. મારો તો એક માત્ર આશ્રય "મા" છે. એ પરમ માતૃચરણોની પ્રીતિ કોઇપણ સંજોગોમાં એક પણ ક્ષણ છોડી શકું તેમ નથી. 'મા ગમે છે.' એટલી જ મારી સાધનાની અલ્પ મૂડી છે. એ પરમ લટકાંઓ પર વારી જવાનું ગમે છે. મને સમજાય છે કે આ પત્રમાં વ્યક્ત થયેલા ભાવો જેટલો ભક્તિવાન હું મા નથી, છતાં એ દંભના ઉપાલંભની ઉપરવટ જઇને પણ માતૃ-મહિમા ગાવાનું મને ગમે છે. દેખાવ ખોટો છે મારો ભક્તિનો પરંતુ સામે જે માતૃદર્શન છે તે પૂર્ણ પુરુષોત્તમનું પૂર્ણ સત્યદર્શન છે. એટલે તો લંગડાના પગે પણ નાચી લેવું છે. પાત્રતાનો અફસોસ કર્યા કરીશ તો સુવર્ણસમય સરી જશે!

મા, મા પાસે માગવાનો બાળકનો અધિકાર છે. આપના સ્વરૂપદર્શનમાં લીન બનતાં શેષ જીવન આપના શ્રીચરણકમળોમાં સમાઇ જાય તે જ માગું છું. મારા જન્માંતરોમાં પણ આ સંબંધ અતૂટ રાખજો. એ મારી વાત ભૂલશો નહીં. મારે બીજું કંઇ માગવાનું છે જ નહીં.

બસ એક જ.

ચરણકમલ રજ દે, હે મા, ભગવતિ! ચરણકમલ રજ દે!

મા, જ્યોત્સ્નાબેન ભાવપૂર્વક પ્રણામ પાઠવે છે. મને વઢીને પણ આપનું પાવન સ્મરણ કરાવે છે.



પરિવારના બધા જ બાળકો પ્રેમ ભક્તિભાવપૂર્વક પ્રણામ પાઠવે છે. આપની કૃપાથી બધાં સારા છે. સૌ આપના શુભાગમનની રાહ જોઇ રહ્યા છીએ.

શ્રી જે. કે., શાંતિભાઇ, અને હવે નવા સાધક શ્રી મોહનભાઇ સૌ સાથે મળીને આપના લીલાપ્રસંગોમાં રાચીએ છીએ.

પત્રમાં વધુ કે વધારે પડતું લખાયું હોય તો ક્ષમા કરશો. આપનું સ્વાસ્થ્ય સારું હશે ને સ્વસ્થ રાખજો. સરોજબેન, વિનોદભાઇને પ્રેમપૂર્વક માતૃસ્મરણ!

**કલ્યાણના પ્રણામ**

**સુવાક્ય**

માનવોનું વર્ગીકરણ ચાર વિભાગોમાં થઇ શકે. તે આ પ્રમાણે છે. બદ્ધ ને મુક્ત, તો મુમુક્ષુ ને સાધક, પોતાની કક્ષા શેમાં આવે છે, તે દરેકે પોતાની મેળે જ વિચારી લેવાનું.

**યોગેશ્વરજી**

*** પરફેક્ટ એન્ટરપ્રાઇઝ ***
**મરચન્ટ, એક્ષપોર્ટ્સ, ઇમ્પોર્ટર્સ**
**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**
૪૨, જય શ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪

### * ફેરા ! *

આ જનમ-મરણના ફેરા
ટળશે ક્યારે હે પ્રભુ! મેરા?

ભવસાગર કે ભવ-રણ-ચક્કર
મૂળ કશું ના જાણું;
કર્મની કાવડ કાંધ ધરીને
નિયતિ તણાવે તાણું;
ઇંગિત શાં? અનુમાન કશાં?
અનુગ્રહ ઝંખુ પ્રભુ! મેરા!
આ જનમ-મરણના ફેરાં

ટળશે ક્યારે હે પ્રભુ! મેરા?
ગત-સાંપ્રત-ભાવિની સન્ધિ
અખિલાઇ ન પિછાનું,
કાળ-કલાધર-કળ-બળ પલ પલ
નચવે ત્યમ હું નાચું!
આત્મ-રતિમાં રત, અમૃત-તન
જગત-સરાઇ ડેરા?

આ જનમ-મરણના ફેરાં
ટળશે ક્યારે હે પ્રભુ! મેરા?

— ડૉ. રણજિત પટેલ (અનામી)



# તંત્ર આલોચના

ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી)

ભારતમાં છેલ્લા કેટલાંક વર્ષોથી તાંત્રિકોનો પ્રભાવ પ્રગટપણે પથરાતો રહ્યો છે. રાજકીય પુરુષોને કારણે તેમાં ભરતી આવી હોય એમ પણ લાગે છે. વર્તમાનપત્રોમાં સમાચાર વાંચીને સામાન્ય જન સમાજને આશ્ચર્ય પણ થતું રહે છે. તંત્ર વિષે માહિતી પણ કોને હોય? તેથી તરેહ તરેહની વાતો દ્વારા ગેર-સમજૂતી પણ વધતી રહે છે. તંત્ર વિષે સાચી સમજ પ્રગટે અને ગેરસમજ અટકે તેવા હેતુથી આ લેખ તૈયાર કર્યો છે.

તંત્રશાસ્ત્રો અનેક દેવોની ઉપાસનાનો માર્ગ ચીંધે છે. તંત્રના સાહિત્યમાં શતિવાદનો જન્મ અને વિકાસ તેથી જ થયો જણાય છે. શાક્તસંપ્રદાય તેનું દૃષ્ટાંત ગણાવી શકાય. જુદા જુદા દેવોનું અનેકવિધ સ્વરૂપ હોય છે તેનું વર્ણન, તે તે દેવને પામવા માટે સ્વતંત્ર મંત્ર પદ્ધતિનું માર્ગદર્શન અને તે મંત્રોનું સંયોજન જુદા જુદા યંત્રો સાથે કરી દેવતાનું ધ્યાન કેવી રીતે કરવું તેની વિશદ ચર્ચા તંત્ર સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. દેવતાની ઉપાસનાના પાંચ અંગો ખાસ કરીને જણાવાય છે-પટલ, પદ્ધતિ, કવચ, નામ સહસ્ર અને સ્તોત્ર. એ પાંચ અંગોનું વ્યવસ્થિત રૂપ આપનાર શાસ્ત્રોને જ ખરેખર તો તંત્ર કહેવામાં આવે છે. દેવીના સ્વરૂપ બોધક મંત્રના અક્ષરો દ્વારા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અના-હત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રદલ ચક્રમાં દેવીના સુંદર સ્વરૂપની ભાવના કરીને ચિત્તને શક્તિસંપન્ન કરવાની ક્રિયાને પટલ કહેવામાં આવે છે. આ પટલથી પાંચ અથવા સોળ ઉપચારો દ્વારા

હૃદયરૂપી શક્તિપીઠમાં દેવીનું પૂજન કરવું તેને પદ્ધતિ કહેવામાં આવે છે. પટલ અને પદ્ધતિની ક્રિયાથી ઇષ્ટમંત્રોના અક્ષરોના શુદ્ધ ઉચ્ચારણ દ્વારા સ્થૂળ દેહ પર રક્ષાનું કવચ ચઢાવવામાં આવે છે. જે મંત્રોમાં દેવીની સ્તુતિ કરવામાં આવી છે તે સ્તોત્ર કહેવાય છે. તેમાં હજાર નામોના જપદ્વારા દેવીના ગુણગાન તેની કાયમ સ્મૃતિ રહે તેટલા માટે કરવામાં આવે છે, જેથી સાધક આંતરિક પૂજા એ રીતે કરતો રહી કાયમનો શક્તિસંપન્ન બને છે.

તંત્ર માર્ગમાં મુખ્યત્વે ત્રણ મત અતિ પ્રસિદ્ધ છે : સમયમત, કૌલમત અને મિશ્રમત. જો તંત્રશાસ્ત્ર વેદમત અનુસાર શ્રી વિદ્યાનો પ્રચાર કરે છે તેને સમયાચાર તંત્ર અથવા સમયમત તરીકે ઓળખવામાં આવે છે. તે મુખ્યત્વે વિશિષ્ટ સંહિતા, સનક સંહિતા, સનંદન સંહિતા, સનત્કુમાર સંહિતા અને શુક સંહિતારૂપે પ્રાપ્ત થાય છે. જ્યારે કૌલમત તો ચૌસઠ તંત્રો પર આધારિત છે. તેમાં મહામાયામંત્ર, શંબરતંત્ર, વિગેરે તંત્રશાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. આ કૌલમતમાં પાંચ મકાર અતિશય પ્રસિદ્ધ છે—મદ્ય, મીન, માંસ, મુદ્રા અને મૈથુન. આ મતમાં પાછળથી આ પાંચ મકારો વિષે ઘણી ગેરસમજૂતી પેદા થયેલી અને તે કારણે અનર્થકારી ભિન્ન ભિન્ન પ્રકારની વિધિઓ પણ પ્રવેશ પામેલી. આજે તે કારણે તે મત લોકોમાં નિંદાને પાત્ર ઠર્યો છે. તે મત વામમાર્ગ તરીકે પણ ઓળખાય છે. જ્યારે મિશ્રમત ઉપરોક્ત બંને પ્રકારના મતોના શુદ્ધ મિશ્રણથી બન્યો ગણાય છે.

તાંત્રિક ગ્રંથોમાં યંત્રને દેવતાનું શરીર અને મંત્રને દેવતાનો આત્મા ગણવામાં આવે છે. પ્રખ્યાત શ્રીચક્ર ભગવતી ત્રિપુર સુંદરીનું યંત્ર ગણાય છે. સર્વ યંત્રોમાં તેને શ્રેષ્ઠ યંત્ર પણ માનવામાં આવે છે. સમયમતના અનુયાયી આ શ્રીચક્રની કાયમ પૂજા કરે છે. એમાં પાંચ ત્રિકોણ ઊર્ધ્વમુખી હોય અને ચાર



ત્રિકોણ અધોમુખી હોય છે. એનાથી વિરુદ્ધ પાંચ ત્રિકોણ અધોમુખી અને ચાર ત્રિકોણ ઊર્ધ્વમુખી હોય છે તેની પૂજા કૌલમતમાં કરવામાં આવે છે. જગદ્ગુરુ શંકરાચાર્યના ચારે મઠોનાં શ્રીચક્રનું અથવા તો શ્રીમંત્રનું ચિત્ર આજે પણ જણાય છે. તેના પાંચ ત્રિકોણ ઊર્ધ્વમુખી અને ચાર ત્રિકોણ અધોમુખી હોવાથી ભગવાન શંકરાચાર્ય સમયમતમાં માનતા હોવા જોઇએ એવું કહેવામાં આવે છે.

શ્રીયંત્રની પૂજા બે પ્રકારે થાય છે—બાહ્ય ને આભ્યંતર. બંને પૂજામાં ગુરુની દીક્ષા પ્રાપ્ત કરવી અનિવાર્ય ગણાય છે. દીક્ષા ન લીધી હોય તો પૂજાના લાભને બદલે તેને નુકશાન થવાનો સંભવ રહે છે. બાહ્યપૂજા કરનારે પહેલા મંત્ર લખવો પડે છે. પછી તેણે ગુરુએ દર્શાવેલી વિધિઓ અનુસાર ન્યાસાદિ ક્રિયાથી શરીરની શુદ્ધિ કરવી અનિવાર્ય છે. અંતે બલિ—અર્ઘ્ય—ચઢાવી સમાપન કરવું પડે છે. જ્યારે આભ્યંતર પૂજામાં જ્ઞાન, જ્ઞેય ને જ્ઞાતા તેમ જ હોતા, અર્ઘ્ય ને હવિ એ ત્રણે વચ્ચે અભેદ ભાવના કરવાની હોય છે. ભાવના કરનાર ત્રણ પ્રકારના જણાય છે : વિજ્ઞાનકેવળ, શુદ્ધ અને અશુદ્ધ તેથી અધિકાર ભેદથી આભ્યંતર પૂજા ત્રણ પ્રકારે થતી હોય છે : સકલ ભાવના, સકલ નિષ્કલ ભાવના અને નિષ્કલ ભાવના. એમાં નિષ્કલ ભાવના ઉત્તમ અધિકારી માટે હોય છે. સકલ ભાવના કરનાર શરીરના ચક્રો સાથે ઐક્ય સાધવા પ્રયત્ન કરે છે જ્યારે સકલ નિષ્કલ ભાવના કરનાર શ્રીચક્રમાં સમાવિષ્ટ નવ ચક્રો સાથે ઐક્યની ભાવનામાં લીન બની જતા હોય છે. નિષ્કલ ભાવના કરનારે તો નવ ચક્રોમાં પરસ્પરના ભેદ રહિત નિર્વિષયી કામકલાની ભાવના કરવી પડે છે. તે સામાન્યતઃ કઠીન ગણાય છે. તેથી ઉત્તમ અધિકારી વિના તે થઇ શકતી નથી. પાછળથી આ શ્રીમંત્રના લેખનમાં પણ ઘણા મતમતાંતર થયા

હતા અને પરિણામ સ્વરૂપે અનેક સંપ્રદાયોનો જન્મ થયો હતો. આજે તો ત્રિપુરતાપિની (ત્રિપુરોપનિષદ્), લલિતા, સહસ્રનામ, તંત્રરાજ અને કામકલા વિકાસ જેવા શાસ્ત્રગ્રંથો શ્રીયંત્રનું વિજ્ઞાન સારી રીતે સમજાવે છે. ત્રિકોણ એ શક્તિનું પ્રતીક ગણાય છે. ત્રિકોણના મધ્યમાં જે બિન્દુ હોય છે તે પરબિન્દુ કહેવાય છે કારણ કે તે બ્રહ્મની શક્તિ ગણાય છે. તે વિશ્વાકાર થવાનું સામર્થ્ય ધરાવે છે. ત્રણે ખૂણામાં જે બિન્દુ હોય છે તે અપરાબિન્દુ કહેવાય છે. તેને શબ્દબ્રહ્મ ચૈતન્ય પણ કહેવામાં આવે છે. કહેવાય છે કે નાલન્દા બૌદ્ધ વિદ્યાપીઠમાં તંત્ર શાસ્ત્રો ભણાવવામાં આવતા. મુસલમાનોના આક્રમણો પછી બૌદ્ધ વિદ્યાપીઠોનો નાશ થયો હતો. તેથી બૌદ્ધ સાહિત્ય અને તંત્ર સાહિત્યનો પણ મહદંશે નાશ કરવામાં આવ્યો હતો. મારી મચડીને મુસલમાન બનાવવાની સત્તાધીશોની પ્રવૃત્તિને કારણે જન સમાજને અતિશય ઉપયોગી સાહિત્યની પણ રક્ષા કરી શકાઇ નહોતી. આજે તો રસિકમોહન-સેન અને જહોન વુડરોફ જેવા વિદ્વાનોને કારણે તંત્રસાહિત્યની મહત્તા જળવાય રહી છે.

એ વાત સાચી છે કે તાંત્રિકોમાં ઘણા મતમતાંતર થયા અને તે કારણે અનેક સંપ્રદાયો પણ અસ્તિત્વમાં આવ્યા. જુદી જુદી પરિભાષાના વિભિન્ન અર્થઘટનોને કારણે કૌલસંપ્રદાય જેવા સંપ્રદાયની નિંદા પણ ઘણી થઇ. પાછળથી આ કલંકને ધોવા માટે શ્રી ભાસ્કરરાવ જેવા વિદ્વાનોએ ઘણા પ્રયત્નો કર્યા છે. તેમણે સાબિત કર્યું છે કે આ બધી નિંદા શબ્દોના ખોટા અર્થ કરવાને કારણે થઇ છે. કુલ શબ્દની વ્યાખ્યા સમજાવતા તેમણે કહ્યું છે કે **कुः पृथ्वीतत्त्वं लीयते यत्र तत्कुलं** અર્થાત્ પૃથ્વીતત્ત્વ જેમાં લીન થઇ જાય છે તે કુલ. તેને સુષુમ્ણા માર્ગ પણ કહેવામાં આવે છે. તેના પરથી કૌલ સંપ્રદાય નામ પડયું. જે જે કુળની જે જે દેવી



તેની ઉપાસના કરી શકાય તેવી વિચારસરણી તે સંપ્રદાય ધરાવે છે તેથી કૌલ સંપ્રદાય ખરેખર કહેવાયો. આજે તો ઘણા વિદ્વાનોનું માનવું છે કે કૌલ સંપ્રદાય વેદોક્ત માર્ગને અનુસરે છે. તેથી તેના પાંચ મકારોનું વિવરણ સમજી લેવા જેવું છે. તંત્રશાસ્ત્ર ખરેખર તો યોગશાસ્ત્ર જ છે એવું પણ લાગ્યા વિના રહેતું નથી. અધમ કોટિના સાધકોએ પાંચ મકારો એટલે મદિરા, માંસ, મીન, મુદ્રા અને મૈથુનનો સાવ સ્થૂળ અર્થ જ કર્યો છે. મદિરા એટલે દારૂ એવો અર્થ સમજીને સાધનાને બહાને દારૂના સેવનની બદી ચાલુ થઇ હતી. ખરેખર મદિરા એટલે બ્રહ્મજ્ઞાનરૂપી મદિરા–

યુદુક્તં પરમં બ્રહ્મ નિર્વિકારં નિરંજનમ્।
તસ્મિન્ પ્રમદ્દનં જ્ઞાનં તન્મદ્યં પરિકીર્તિતમ્॥ (વિજયતંત્ર)

અર્થાત્ યોગની સાધનાથી જે અવિકારી નિરંજન સ્વરૂપ પરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે જ મદિરા તરીકે ઓળખાય છે. તે જ રીતે માંસની સમજ પણ જુદી જ છે. જે પોતાના તમામ કર્મો બ્રહ્મને સમર્પણ કરી દે છે તેને યોગીઓ માંસભક્ષણ કહે છે. મીન એટલે માછલી. માછલી મારનાર મત્સ્ય સાધક–

ગંગા યમુનોર્મધ્યે મત્સ્યૌ યૌ ચરતઃ સદા।
તૌ મત્સ્યૌ ભક્ષયેદ્ યસ્તુ સ ભવેન્મત્સ્યસાધકઃ॥ (આગમસાર)

અર્થાત્ ઇડાનાડી અને પિંગલાનાડી રૂપી બે ગંગાયુમુનામાં શ્વાસોશ્વારૂપી બે માછલીઓ ફર્યા કરતી હોય છે તેનું જે ભક્ષણ કરે છે તે યોગી મત્સ્ય સાધક કહેવાય છે. મુદ્રા શબ્દની વ્યાખ્યા પણ કંઇ ઓર જ છે :

સત્સંગેન ભવેન્મુક્તિરસત્સંગેષુ બંધનમ્।
અસત્સંગ મુદ્રણં યત્તુ તન્મુદ્રા પરિકીર્તિતા॥

અર્થાત્ સત્સંગથી મુક્તિ અને અસત્સંગથી એટલે કે કુસંગથી બંધન થાય છે એ સત્ય સમજીને જે કુસંગનો ત્યાગ કરે છે તેને મુદ્રા કહેવામાં આવે છે. મૈથુનનો પણ એવી જ રીતે વિશિષ્ટ પ્રકારનો અર્થ કરી યોગશાસ્ત્રની પરમ સિદ્ધિનો નિર્દેશ કર્યો છે :

કુલકુંડલિની શક્તિઃ દેહિના દેહધારિણી।
તયા શિવસ્ય સંયોગો મૈથુનં પરિકીર્તિતમ્॥ (વિજયતંત્ર)

અર્થાત્ દરેક શરીરમાં જે કુંડલિની શક્તિ રહેલી છે તેને જાગૃત કરી તેનું સહસ્રારમાં રહેલા શિવની સાથે મિલન કરાવવાની ક્રિયા જ મૈથુન છે.

આ દૃષ્ટિએ તાંત્રિકોની ઉપાસના પણ આદરણીય કહેવાય. માત્ર તેમાં રહેલી ગેરમાન્યતા દૂર થવી જોઈએ. તે ગેરમાન્યતાનો આધાર તંત્ર ગ્રંથોમાં રહેલી ગહનતા અને દુર્બોધતા છે. તેનું સરલીકરણ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી તે સર્વમાન્ય ન બની શકે તે સ્વીકારવું જ રહ્યું. કુલાર્ણવતંત્રમાં તો સ્પષ્ટ કહ્યું છે કે માંસભક્ષણ અને શરાબ પીવાની ટેવથી સાચા ધાર્મિક થવાતું નથી. જો એવું હોત તો આજદિન લગી શરાબીઓ સંસારસાગરને તરી જાત! પણ એવું બન્યું નથી. વિષયભોગ માટે મદિરાનું પાન કરનારને તો મોઢામાં ગરમ ગરમ શરાબ રેડીને દંડ કરવાનું વિધાન તે તંત્રમાં કર્યું છે. એવી જ રીતે મદિરા અને માંસનો ઉપયોગ કરનારા રૌરવ નરકને પામે છે. એવું "તંત્રસાર" ગ્રંથમાં સ્પષ્ટ કહ્યું છે. સંપ્રદાય સંપ્રદાય વચ્ચે એકમેકને શ્રેષ્ઠ ગણવા ગણાવવાની હીરફાઈને કારણે એકમેકની ક્રૂર નિંદાઓ થઈ લાગે છે. બાકી મૂળભૂત રીતે વિચારસરણી તો વેદોક્ત માર્ગને જ અનુસરનારી જણાય છે.



# શ્રીમદ્ ભાગવત વિમર્શ

પ્રા. જનાર્દનભાઈ દવે

## નિગમ—એવા ઈશ્વરપ્રણિત મંત્રો

જેમાં નિશ્ચયપૂર્વક ગતિ કરી શકાય છે. નિગમ એટલે વેદો. આગમ એટલે ધર્મશાસ્ત્રો. વેદોમાં સંશય કરાવે એવું જ્ઞાન નથી. આગમો શિવમુખે આવ્યા માટે તેમાં પણ સંશયગ્રસ્ત વિધાનો નથી.

શ્રીમદ્‌ભાગવત વેદરૂપ કલ્પવૃક્ષનું સ્વયંગલિત ફળ છે. કેરીમાં ગોટલા—છાલ ફેંકી દેવા પડે પણ વેદના આ માત્ર રસભરિત ભાગવતરૂપ ફળમાં ફેંકી દેવા જેવું કંઈ નથી. વેદ કલ્પવૃક્ષ હોવાથી તેનાં શરણે જઈ ધર્મ—અર્થ—કામ—મોક્ષ જે માગો તે આપે, પણ એ તો આપણે માગેલાં ફળ છે. વેદનું પોતાનું ફળ તો ભાગવતજી જ.

વ્યાકરણરસિક, કાવ્યરસિક, અલંકાર છંદરસિક, વ્યુત્પત્તિરસિક, ન્યાયવેદાંતરસિક આમ સર્વરસિકોને ભાગવતજી જકડી રાખે છે. તદ્ રસામૃત તૃપ્તસ્ય નાન્યત્ર સ્યાદ્ રતિઃ ક્વચિત્ એમ તેના માટે કહ્યું છે. તેના રસામૃતમાં નિમગ્ન થનારને પછી બીજા કોઈ શાસ્ત્રો કે કાવ્યો પણ આનંદિત કરી શકતા નથી.

અથવા કેટલાક શ્રીકૃષ્ણરસિકો છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો મહાન ઉપકાર એ છે કે સોગિયું મોઢું કરાવી દે તેવી ભક્તિને તેમણએ પ્રબોધી નથી. ભક્તિ રડવા માટે નથી. શ્રીકૃષ્ણ તો રસરૂપ બ્રહ્મ છે. તેના સંપર્કમાં આવવાથી મધુ ક્ષરન્તિ સિન્ધવઃ નદીઓનાં જળ જળ ન રહેતાં મધુની ધારાઓ વહાવે છે, મધુમાન્ નો વનસ્પતિઃ વૃક્ષવેલીઓ મધની વર્ષા કરે છે. પેલું કદંબ

જેના પર સાયંકાલે કૃષ્ણ વિરાજીત થઇ મુરલીમાં ગાયોને નામ લઇ લઇને બોલાવે છે તે ટેરકદંબ, અને યમુના પુલિનનાં અન્ય વૃક્ષો, યમુના કિનારાના હરિત તૃણો, બધાં જ કૃષ્ણબ્રહ્મના સંસર્ગે મધુર.

વાંસની વાંસળી, ગાયોને રક્ષવાની લાકડી, મયુરપીચ્છ, વૃંદાવનની ધૂલિનાં કણો, બધા જ મધુર. મધુ નક્તમ્, ઉત ઉષસઃ રાસલીલાની રાત્રિઓ, કૃષ્ણલીલાના સંગીત સાથે ગૃહે ગૃહે ગોપવધૂ કદંબાવડે ગવાતાં પદોવાળા ઉષઃકાલ બધું જ મધુર.

એટલે શ્રીવલ્લભના ભક્તિમાર્ગમાં ઋતુ ઋતુ પ્રમાણેનાં રાગ–ભોગ–શૃંગાર છે. પુષ્ટિમાં બહારથી શ્રીયશોદાનો વાત્સલ્યભાવ પણ અંતરંગમાં તો સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક શૃંગાર રસ છે–નિકુંજ ભાવ છે. આવા રસિકો અને નિર્વિકલ્પ બ્રહ્મના શુકદેવજી સમાન અને સ્વરૂપાસક્ત ગોપીજનો સમા ભાવુકોને કૃષ્ણલીલા સમાનપણે આકર્ષે છે માટે આ લયં બિબત મુક્તિ થાય, દેહાધ્યાસ છૂટે યા પ્રાણ છૂટે ત્યાંસુધી વારંવાર ગાઓ.

પૂજ્યા શ્રી શ્રી આંદમયી મા વારંવાર કહેતા "હરિ કથા હી કથા ઔર સબ વૃથા વ્યથા."

નૈમિષારણ્યનાં ઋષિઓ સ્વર્ગ પ્રાપ્તિ માટે હજાર વર્ષનો યજ્ઞ લઇને દીક્ષિત થયા છે. ત્યાં પધારેલા સૂતજીને સત્કારી તેમને પ્રશંસી છ પ્રશ્નો પૂછ્યા છે. ઋગ્વેદી શૌનકજીએ છ પ્રશ્નો પૂછ્યા :–

(૧) અનેક શાસ્ત્રોના ગહન ગંભીર અભ્યાસ પછી આ બધામાંથી મનુષ્યોનું પરમ કલ્યાણ શેમાં છે?

(૨) અંતઃકરણની શુદ્ધિ જેનાવડે થાય તેવો આપે સર્વશાસ્ત્રોનો સાર નક્કી કર્યો હોય તે સંભળાવો.



(૩) સાત્વત યાદવોના સ્વામી ભગવાન કયા પ્રયોજનોથી દેવકીજીના ઉદરથી અવતર્યા?

(૪) શ્રેષ્ઠ મહાત્માઓ વડે ગવાયેલી ભગવાનની લીલાઓ જે શબ્દે શબ્દે અમૃતમયી છે તે સંભળાવો.

(૫) અન્ય અવતારોનાં ચરિત્રો પણ ગાઓ.

(૬) યોગેશ્વર અને ભક્તિ–જ્ઞાનાદિના તથા વેદોના રક્ષક ભગવાન પરમધામ પધાર્યા પછી ધર્મ કોનાં શરણે ગયો?

આ છ પ્રશ્નોના ઉત્તરમાં શ્રીસૂતજી મહારાજે ઋષિવૃંદને પ્રથમ શુકદેવજી અને પછી નરનારાયણ, સરસ્વતી, અને વ્યાસ ભગવાનને બહુમાનપૂર્વક પ્રણામ કરી ધર્માચરણ જ મનુષ્યોનું પરમ કલ્યાણ કરનાર છે એવો પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો. પણ આ ધર્મ સંસારના લૌકિક ફળો માટે ન આચરવામાં આવે. ધર્માચરણનું ફળ ભગવાનની નિત્ય વધતી અને ફળની આસક્તિરહિત ભક્તિ છે. જો વર્ણાશ્રમધર્મના સંપૂર્ણ પરિપાલન પછી ભગવાન અને તેમની લીલાઓમાં આસક્તિ ન થાય તો "શ્રમ એવ હિ કેવલમ્."

ધર્મ મોક્ષ માટે છે. અર્થ ધર્મકાર્યોમાં ઉપયોગી થવા માટે છે, જીવન જીવવા માટે અલ્પતમ જરૂરિયાતો મેળવવી એ કામ છે, અને તત્ત્વજ્ઞાનીઓ જે એકમાત્ર પરમતત્ત્વને બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન એવાં નામોથી ઓળખે છે એ દ્વૈતરહિત તત્ત્વનો અનુભવ મુક્તિ છે.

તીર્થ અને મહાનપુરુષોના સંગ અને તેમની સેવાથી ભગવાનની કથાઓમાં રુચિ ઉત્પન્ન થાય છે. ભગવાન કથા સાથે પોતે જ સાંભળનારના હૃદયમાં પ્રવેશી ભક્તના હૃદયના કામાદિ

અમંગળને હણે છે. આમ કામાદિ અભદ્ર દૂર થતાં ભગવાનમાં નૈષ્ઠિક ભક્તિ ઉત્પન્ન થાય છે. ભક્તિની વૃદ્ધિ થતાં અંતઃકરણ નિર્મળ થાય છે અને તમોગુણ–રજોગુણ નષ્ટ થઇ સત્ત્વગુણમાં વૃદ્ધિ થતાં પછી તો ચિત્ત અતિ પવિત્ર બને છે અને સર્વ સંગો છૂટી જાય છે. આવાં ચિત્તમાં પછી ભગવત્તત્ત્વની અનુભૂતિ થાય છે.

પ્રકૃતિના ત્રણ ગુણો સ્વીકારી લેતાં પરમાત્મા ઉત્પત્તિ, સ્થિતિ વિનાશ માટે બ્રહ્મા હરિહર એવી ત્રણ સંજ્ઞાઓ અને ત્રણરૂપે ધારણ કરે છે. ભક્તિ કરવી તો પિતૃઓ, ભૂતપ્રેતો કે પ્રજાપતિઓની ન કરતાં નારાયણની શાન્તકલાઓનું ભજન કરવું.

જેમ પહેલાં કાષ્ઠ પછી ધૂમાડો અને છેલ્લે અગ્નિ એમ અનુભવાય છે તે રીતે પ્રથમ તમોગુણને રજોગુણથી જીતી પછી રજોગુણને સત્ત્વગુણની વૃદ્ધિવડે જીતી તેને પણ ખૂબ વધારી છેવટે બ્રહ્માનુભવ પામવો એ પરમકૃતાર્થતા છે.

વેદો વાસુદેવને વર્ણવે છે, યજ્ઞો પણ વાસુદેવને સમર્પિત છે. યોગમાર્ગો વાસુદેવની પ્રાપ્તિ માટે છે, સર્વ ક્રિયાઓ પણ વાસુદેવાનુભવ માટે જ હોય, જ્ઞાનનો અંત વાસુદેવની પ્રાપ્તિમાં છે, તપશ્ચર્યા પણ વાસુદેવની પ્રીતિ માટે જ છે, વાસુદેવની સમીપતા આપે તે જ ધર્મ અને પરમગતિરૂપ મુક્તિ પણ વાસુદેવનું સર્વત્ર અંદર બહાર દર્શન છે.



નવરાત્રિમાં અંબાજીના સ્વર્ગારોહણમાં

# જપયજ્ઞ

દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિના દિવસો દરમ્યાન મૌન સાથે જપયજ્ઞ રાખેલ છે. તે દિવસો છે તા. ૧૩–૧૦–૯૬ થી ૨૧–૧૦–૯૬ સુધીના. આમાં અનુકૂળતા પ્રમાણે ગમે તેટલા દિવસ ભાગ લઇ શકાય છે.

જપયજ્ઞ દરમ્યાનનો કાર્યક્રમ કંઇક આ પ્રમાણે રહેશે. જપ, પ્રાર્થના, પ્રણામ, ચંડીપાઠ, પૂ. શ્રી અને પૂ. માની અમૃતવાણી ધૂન, ભજન, જ્ઞાનગોષ્ઠિ, રાતે ગરબા. સમૂહમાં સહુ સાથે મળી ખીચડી શાક અને છાશનું ભોજન બનાવી જમવાનું છે. કાર્યક્રમનું સંચાલન ભાઇ શ્રી અજય કલોલા અને યુવાન મિત્રો કરશે.

ભાગ લેવા ઇચ્છનારાઓએ મેનેજર, સ્વર્ગારોહણ, દાંતારોડ, અંબાજીને તા. ૭–૧૦–૯૬ સુધીમાં લખી જણાવવું.

— તંત્રી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# સંતકૃપાની ભક્તિની પ્રાપ્તિ

યોગેશ્વર

ભગવાનની પરમકૃપા અથવા તો ભગવાનનાં દર્શન કરી ચૂકેલા સંત કે મહાત્માની કૃપાથી પણ ભક્તિની પ્રાપ્તિ થઇ શકે છે એમ ભક્તિ સૂત્રોના રચનાર શ્રી નારદજીનું કહેવું છે. બીજા અનુભવી મહાપુરુષોનો પણ આ જ અભિપ્રાય છે.

સંત મહાત્માઓની શક્તિ અપાર છે. પણ સાચા સંત કોને કહેવા તે બાબત સારી રીતે સમજી લેવી જોઇએ. આજે સંત નામધારી પુરુષો સંસારમાં ઘણા છે. પણ તેમના સાચા સ્વરૂપનો વિચાર માણસ ભાગ્યે જ કરે છે. જે માણસો પોતાના વસ્ત્રો બદલી નાંખે છે તેમને શું સંત કહેવાય? અથવા જે ભસ્મ ચોળે, જટા રાખે ને ગાંજાચલમ સેવે, જે ઘરબાર ને કુટુંબકબીલાને છોડી એકાંતમાં રહે તેમને સંત ગણવા? અથવા જે માળા પહેરે, જપ ને તપ કરે તથા શાસ્ત્રોનું અધ્યયન કરે, દોરા ને ધાગા કરે તેમને સંતના ઉત્તમ નામથી સંબોધવા અને ઓળખવા? મહાપુરુષો કહે છે કે સંતને ઓળખવામાં આ લક્ષણો બહુ મદદ કરતાં નથી. તેનાથી સંતપુરુષનો પૂરો પરિચય મળી શકતો નથી. સંતની યોગ્યતાની પારાશીશી આ બાહ્ય સાધનોથી ઘણી દૂર છે. સંતને ઓળવખાનો માપદંડ આથી વધારે મોટો અને મહાન છે. ઉપર કહ્યાં તેવાં બાહ્ય લક્ષણોવાળો પુરુષ કે તેવી સ્ત્રી સંત હોઇ પણ શકે ને ના પણ હોઇ શકે કેમ કે સાચા સંતમાં આ લક્ષણો હોવાં જ જોઇએ એવો નિયમ નથી.



તો પછી સંતપુરુષના મહત્ત્વના લક્ષણો ક્યાં? એવી કયી ખાસિયત કે વિશેપતાને લીધે સંતપુરુષ સંત કહી શકાય અને કયી યોગ્યતા ન હોવાથી તેને સંતનું ઉત્તમ નામ ના આપી શકાય? મધમાં જેમ મીઠાશ હોય જ છે, તે વિના મધને મધ કહી શકાતું નથી, સૂર્યમાં પ્રકાશ, અગ્નિમાં દાહકશક્તિ ને નદીમાં જલ જરૂર રહે છે, તેમ સંતપુરુપમાં જરૂર રહેનારી એવી વસ્તુ કયી છે? તે વિશે કાંઇ કહી શકાય ખરું? જરૂર. એનો પણ ઉત્તર સંતશ્રેણીના મહાપુરુષોએ આપેલો છે. તેનો વિચાર કરવાથી સંતપુરુષોનાં આવશ્યક લક્ષણનો ખ્યાલ આવી શકે છે.

સંતનું સૌથી મહત્ત્વનું લક્ષણ હૃદયની પવિત્રતા, વિકાર-રહિતતા કે દૈવીસંપત્તિની પ્રાપ્તિ છે. હૃદયની શુદ્ધિ કે પવિત્રતા વિકારરહિતતા ને દૈવીસંપત્તિની પ્રાપ્તિ ત્રણે એક જ સાથે રહે-નારી વસ્તુઓ છે. તેમાં વધારે ફેર કે તફાવત નથી. જ્યાં એકની સિદ્ધિ થઇ એટલે બીજી વસ્તુ કે યોગ્યતા પણ આપોઆપ આવવી જ જોઇએ એ નિયમ છે. આ વિના કોઇને સંત કહી શકાય નહીં; સંતનું હૃદય આરસપહાણ જેવું સ્વચ્છ હોય છે; મેલ વિનાના દર્પણ જેવું પવિત્ર હોય છે. અને સદ્‌ગુણોની સુવાસથી ફૂલ જેવું સુવાસિત કે ફોરમદાર તેમ જ વિશુદ્ધ એવી નદીના નીર જેવું નિર્મળ હોય છે. મધને તમે આગળ કે પાછળ, ઉપર કે નીચે, ગમે ત્યાંથી ચાખો તોપણ તે જેમ મીઠું જ લાગે છે; તેમાં ક્યાંય પણ ને જરીપણ કડવાશ જણાતી નથી, તેમ સંતપુરુષના હૃદયમાં મધુરતા જ મધુરતા, પ્રેમ જ પ્રેમ અને પવિત્રતા જ પવિત્રતા હોય છે. એના મન કે અંતરના સૂક્ષ્માતિસૂક્ષ્મ ખુણામાં પણ ક્યાંય મલિ-નતા, કપટ, ભય, દ્વેષ, મમતા કે ક્ષુદ્ર વાસના ને ક્રોધનો વાસ હોતો નથી. સંતપુરુષની આ સૌથી પહેલી અને મહત્ત્વની યોગ્યતા છે.

કોઇ માણસ ગમે તેટલા જપ કરે, ગમે તેવું તપ કરે, તોપણ જો તે વાસનાનો દાસ હોય, અભિમાન ને કપટ કે દ્વેષમાં રમતો હોય અને સ્ત્રીના કટાક્ષથી મોહિત થઇ તેના શરીરની આસક્તિમાં સડતો હોય, તો નક્કી માનજો કે તેનામાં ક્યાંક ભૂલ છે, કચાશ છે, ને તે સંત થવાના સાધનમાં લાગ્યો હશે તોપણ હજી સાચો સંત નથી. તે જ પ્રમાણે કોઇ માણસ ગમે તેવાં અને ગમે તેટલા ટીલાંટપકાં કરતો હોય, માળા ને ભસ્મથી સુશોભિત હોય, અને પોતાને સંત કહેવડાવતો હોય, છતાં જો તેનામાં સંસારના ક્ષણભંગુર પદાર્થોની પ્રીતિ હોય, દંભ કે પાખંડ હોય ને જો તે અવગુણોનો ભંડાર હોય તો તેના સંત તરીકેના દાવાને ખોટો માનજો. કપડાં તો બદલ્યાં, નામ પણ બદલ્યું; પણ એટલાથી જ શું વળે? ઘરબાર અને સગાંસ્નેહીને છોડવાથી પણ શું? શરીરની આસક્તિ ને મોહવૃત્તિ છોડી? નામ ને રૂપમાં રહેલા એકમાત્ર ઈશ્વરને મેળવી લેવા કમર કસી? રાજસી કે તામસી સ્વભાવને છોડી દઇ સાત્વિકતા ધારણ કરી? આ જ વસ્તુ સાચા અર્થમાં છોડવાની છે : પછી તે ઘરમાં રહીને છોડો કે વનમાં, ધોળાં વસ્ત્ર પહેરીને છોડો કે ભગવા, તેની સાથે વધારે નિસ્બત નથી. આ વસ્તુ છોડવાથી જ માણસ સંત બની શકે છે. આ વસ્તુ છોડીને માણસ જ્યાં પવિત્ર ને દૈવી ગુણથી સંપન્ન થવા માંડયો એટલે તે આપોઆપ સંત થાય છે તે વિના કોઇને કે પોતાને સંત કહેવા માંડવું એ સંત જેવા ઉત્તમ કે શ્રેષ્ઠ શબ્દનું અપમાન કર્યા બરાબર છે. સંતનું નામ ધારણ કરવા કોઇએ ઉતાવળ કરવાની જરૂર નથી. ઉતાવળ તો સંતની યોગ્યતા મેળવવા માટે જ કરવાની છે. તમારામાં યોગ્યતા આવશે એટલે બીજા તમને આપોઆપ સંત કે મહાત્મા તરીકે માનવા લાગશે. અને નહિ માને કે માને તોપણ



શું? ઈશ્વરના દરબારમાં જ માણસે સંત થવાનું છે, માણસની પાસે નહીં. માણસો જેમને સંત કહેતા હશે તેવા કેટલાય માણસો ઈશ્વરના દરબારમાં અસંત તરીકે ઓળખાતા હશે, અને માણસોએ જેમને અસંત ગણી ઉપેક્ષાની દૃષ્ટિથી જોયા હશે તેવા કેટલાય માણસો ઈશ્વરની નોંધપોથીમાં સંત તરીકે લખાયા હશે તેની કોને ખબર છે? એટલે માણસે ઈશ્વર અને પોતાના આત્માને વફાદાર રહીને સાચા સંત બનવાની કોશિશ કરવી.

સંતનું હૃદય શુદ્ધ થઇ ગયું હોય છે એટલે તેની વાણી અમૃત જેવી મીઠી, તેના વિચાર પણ પવિત્ર અને તેનાં નાનાંમોટાં બધા જ કર્મ પણ મંગલ ને મેલ વિનાનાં હોય છે. તે પ્રેમની મૂર્તિ હોય છે. દયાનો ભંડાર હોય છે. નમ્રતાનું સ્વરૂપ તેમ જ શાંતિ ને નિર્ભયતાનો નમૂનો હોય છે. જેમ ચંદ્રને જોવાથી આંખને ઠંડક લાગે છે તેમ આવા સંતનો સમાગમ થવાથી તન, મન અને અંતરને શાંતિ મળે છે. જેમ રણના પ્રવાસીને ભરબપોરે કોઇ વનસ્થળ મળતાં છાયા પણ મળી જાય છે, તેમ સંસારના પ્રવાસી માનવને આવા સંતના દર્શનનો લાભ મળતાં અપાર આનંદ ને તૃપ્તિ થાય છે, અને તેના બધા જ તાપ, દુ:ખ ને દર્દ દૂર થઇ જાય છે. નિર્ધનને હીરાની ખાણ મળવાથી જેમ તે ધનવાન બની જાય છે, તેમ આવા સાચા સંતની પ્રાપ્તિ થતાં માણસની બધી જ નિર્ધનતા ટળી જાય છે, અને વિચાર તેમ જ વાણી ને વર્તનમાં તે અમીર બની જાય છે. કેટલાય દિવસના જૂના રોગીને દેવોના વૈદ્ય અશ્વિનીકુમારનો અચાનક ભેટો થઇ જાય અને કંગાલને કામધેનુ મળી જાય તો તેની શી દશા થાય? સંસારના રોગથી પીડાતો જીવ પણ જ્યારે સંતને આશ્રયે આવે છે, કામધેનુ અને

અશ્વિનીકુમાર જેવા સાચા સંતને મેળવે છે, ત્યારે સંપૂર્ણપણે રોગથી મુક્ત ને કૃતકૃત્ય બની જાય છે, આવા સંતોના સમાગમને જ શાસ્ત્રોએ સ્વર્ગતુલ્ય કહ્યો છે. અખાના શબ્દોમાં કહીએ તો આવા સંતો ધન હરતા નથી, પણ ધોખાને હરે છે, અને માણસનું કલ્યાણ કરે છે. પણ તે વિશે વિશેષ વિચાર તો આપણે પછી કરીશું. હાલ તો આપણા વિષયના અનુસંધાનમાં જ આગળ વિચારીએ તે સારું છે.

ત્યારે હૃદયશુદ્ધિ પછીનું સંતનું બીજું મહત્ત્વનું લક્ષણ કયું? એક જ વાક્યમાં કહેવું હોય તો કહી શકાય કે સંતનું બીજું મહત્ત્વનું લક્ષણ 'ઈશ્વરમાં પરમ પ્રેમ' છે. સાચા સંતને એક ઈશ્વરની જ લગની લાગી હોય છે. એક ઈશ્વરના જ રૂપને જોવા માટે સંતપુરુષ દિવાનો બન્યો હોય છે. ઈશ્વરના જ મોહથી તે મોહાયો અને ઈશ્વરના જ પ્રેમદોરથી બંધાયો હોય છે. ઈશ્વરના પ્રેમરંગથી તેનું તન ને મન રંગાયું હોય છે. આ વિનાશી અને પરિવર્તનશીલ સંસારમાં એક ઈશ્વરને જ ભજવા તેણે સંકલ્પ કર્યો હોય છે, અને ઈશ્વરને જ મેળવવા તેનું અંતર અધીર બનીને દિનરાત રડતું હોય છે. ઈશ્વર વિના આ સંસારમાં તેનું કોઈ પ્રિય કે પ્રિયતમ છે નહીં. ઈશ્વર જ તેના જીવનનો એક માત્ર આધાર, શાંતિ ને આનંદનો આદર્શ ને પ્રાણ છે. તેનું સમસ્ત જીવન એ ઈશ્વરને માટે જ સમર્પિત થયું હોય છે. અને ઈશ્વરના જ પ્રેમરસમાં તરબોળ અને મસ્ત બનીને તે જીવ્યા કરે છે. ઈશ્વર સાથેનો સંબંધ આ પ્રકારનો હોય છે.

ઈશ્વરને માટેનો આવો પ્રખર પ્રેમ કાંઈ એમને એમ જાગી શકતો નથી. એ પ્રેમ પ્રકટાવવા માટે ઈશ્વરના મહિમાનો અને



સંસારના વિનાશીપણાનો સતત ખ્યાલ કરવો જોઈએ અને મનને સમ- જાવવું જોઈએ કે હે પ્યારા મન! સંસારના પદાર્થોમાં તું શું જોઈને મોહાય છે ને સપડાય છે? સંસારમાં તું જે રૂપ, રસ અને આનંદ જોઈ રહ્યું છે તે તો સંસારને ઉત્પન્ન કરી શોભા દેનાર ઈશ્વરના રૂપ, રસ ને આનંદનો એક ક્ષુલ્લક અંશ માત્ર છે! સંસાર આટલો સુંદર ને સુખદ છે, તો પછી તેનો રચનાર ઈશ્વર—તેનો સ્વામી કેટલો સુંદર અને સુખદ હશે! તેની પાછળ તું પાગલ કેમ નથી થતું? આ પ્રમાણે મનને સમજાવવા ઉપરાંત વિષયસુખમાં જે અલ્પતા અને નુકશાન છે તેનો પણ વારંવાર વિચાર કરવો જોઈએ. વિષયાભિમુખના ઈશ્વરપ્રેમનો મુખ્ય અંતરાય છે. અને વિષયોનાં દૂષણ તેમ જ ઈશ્વરપ્રેમનાં ભૂષણને મન જ્યાંસુધી નથી સમજાતું ત્યાંસુધી જ તે વિષયમાં બંધાયેલું રહે છે. માટે ઈશ્વરના મહિમાનો વારંવાર વિચાર કરવો.

સંતપુરુષો આવા વિચાર કરીને આગળ વધ્યા હોય છે. એટલે કે તેમણે સંસારના એક માત્ર સાર એવા ઈશ્વરની સાથે પ્રીતિ કરી હોય છે. ઈશ્વર પ્રત્યેની આ પ્રીતિ સંતપુરુષનું બીજું મહત્ત્વનું લક્ષણ છે. આ પ્રીતિ થતાં મિથ્યા અહંભાવ અને તેમાંથી ઉત્પન્ન થતી સંસારનાપદાર્થોની આસક્તિ તેમજ મમતાનો અંત આવે છે.

આ પ્રેમ વધતાં ઈશ્વરની કૃપાથી ઈશ્વરના પ્રેમી સંતને ઈશ્વરનું દર્શન સમય પર થઈ જાય છે, ને ત્યારે જ તેને પૂર્ણ શાંતિ તેમ જ આનંદનો અનુભવ થાય છે. ઈશ્વરના આવા પ્રત્યક્ષ અનુભવ કે સાક્ષાત્ દર્શન વિના તેને ચેન પડતું નથી. ઈશ્વર દર્શન થયા પછી તો તે સંપૂર્ણપણે પવિત્ર થઈ જાય છે. દોષ કે વિકાર અથવા ભય, અહંકાર ને વાસનાના રહ્યાસહ્યા સૂક્ષ્મતમ અંકુર પણ તેના હૃદયમાંથી આ પછી દૂર થઈ જાય છે, અને શોક, મોહ

કે વિષાદ તેને સ્વપ્ને પણ વ્યાપતાં નથી. નિર્મળ નદી જેવું તેનું પવિત્ર જીવન સંસારમાં શોભી ઊઠે છે, ને અનેક માણસોને પ્રેરણા તથા ઈશ્વરપ્રેમનાં પીયૂષ પાય છે. આવો સંતપુરુષ જ સાચો સંત છે, ને તેને સેવવાથી સર્વ હેતુ સરી રહે છે. આવા સંતને સેવવાથી ઈશ્વરમાં પ્રીતિ થાય છે, ને પાપ કે અનિષ્ટકારક કર્મોથી મુક્ત થઇ માનવજીવનદ્વારા ઈશ્વરદર્શન કરી મુક્ત અને પૂર્ણ બનવાનો પુરષાર્થ કરવાની ઇચ્છા તીવ્રપણે જાગી ઊઠે છે.

**સુવાક્ય**

ઈશ્વરમાં જો શુદ્ધ ભક્તિ ન હોય તો પછી કોઇ ગતિ નહિ. ઈશ્વરપ્રાપ્તિ કરીને સંસારમાં રહે, તો તેને કશો ભય નહિ.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨



# ઉપનિષદોની શાન્તિભાવના

પ્રો. ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)

## તૈત્તિરિય ઉપનિષદ્

તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્મવલ્લી નામની બીજી વલ્લીની શરૂઆત જ શાંતિપાઠથી થાય છે. એનો ભાવાર્થ દરેક શાંતિપાઠની જેમ તન, મન ને અંતરની શુદ્ધિ ને દૃઢતા મેળવવાનો ને જીવનને પ્રભુમય બનાવવાનો જ છે. દરેક શાંતિપાઠનાં શબ્દો ભલે બહારથી જુદા હોય, પણ તેનો પ્રધાન વ્યાવર્તક ધ્વનિ ને કેન્દ્રીય વિચાર તો છેવટે આ જ હોય છે. આવા શાંતિપાઠોથી સહેજે સ્પષ્ટ થાય છે કે પ્રભુને માટેનું ને પ્રભુમય જીવન એ જ સર્વે ઉપ-નિષદનું ધ્યેય છે.

આ વિશે મહાત્મા યોગેશ્વરજીનું મંતવ્ય છે કે "શરદઋતુનું આકાશ કેટલું બધું નિર્મળ ને સુંદર હોય છે. ચોમાસાની અનેક પ્રકારની અવ્યવસ્થા પછી પોતાના હૃદયને મુક્ત રીતે તેણે ખુલ્લું કર્યું હોય છે. તે આકાશમાં સૂર્ય, ચંદ્ર ને તારા તથા ઉષા ને સંધ્યા કેટલી સુંદરતા ને સહજતાથી પ્રકટ થાય છે! આ ઋતુમાં ગંગાનું પાણી તો જુઓ! આકાશ જેમ પોતાની પરિપૂર્ણ નિર્મળતામાં પ્રકટ થાય છે, તેમ ગંગા પણ તદ્દન નિર્મળ હોય છે, ચોમાસાની ગંગામાં તો કોઈ કોઈ વાર સ્નાન કરવાનું પણ મન ન થાય તેવું ડહોળાયલું ને મેલું પાણી હોય છે. પરંતુ શરદઋતુની ગંગાનું તેવું નથી. આ ઋતુમાં ગંગાએ, આકાશનું પ્રતિબિંબ પાડતી હોય તેમ, હૃદયસ્પર્શી રંગ ધારણ કર્યો છે. તેના દર્શન, આચમન ને સ્નાનથી અપાર આનંદ મળે છે, તેના જે ભાગને જોઇએ તે ભાગમાં

પારદર્શક પવિત્રતા દેખાઇ આવે છે. કોઇ ઠેકાણે ગંદકી નથી દેખાતી. માણસો તેમાં જુદી જુદી જાતની ગંદકી નાંખે છે તોપણ તેનો અંતરાત્મા મેલો નથી થતો. ગંદકીને તે તરત દૂર કરે છે ને પોતાની પ્રખર પવિત્રતામાં સમાવી દે છે. જીવન પણ એવું જ પારદર્શક, પવિત્ર ને મંગળમય બની જવું જોઇએ. ત્યારે જ તે સાચા અર્થમાં સમૃદ્ધ ને સુંદર બને છે. સત્ય, પ્રેમ ને પરમાત્માના પરમ અનુભવપ્રકાશથી તે પુલકિત ને પાવન થવું જોઇએ. તે માટે સતત સાવધાની, સમજ ને સાધનાની જરૂર પડે છે. જગતમાં જીવતાં જીવતાં પળે પળે પોતાના જીવનની ચોકી કરવી પડે છે. જીવનના મંગલ માટે અનંત આશાવાદની ને એવી અચળ આદર્શપરતાની આવશ્યકતા છે. મનોબળની મક્કમતાની જરૂર છે. ને જરૂર છે અનંત ને અખૂટ ઉત્સાહની, અદમ્ય ઇચ્છાશક્તિની તેમ જ સતત સમજ સાથેની સાધનાની, નીડરતા, ધીરજ ને હિંમતથી પોતાની જાતનું નિરીક્ષણ કરીને આગળ વધવાની વૃત્તિની જરૂર છે, તે સૌનો સમન્વય થઇ જાય તો જીવનને ઉજ્જ્વળ થતાં વાર ન લાગે. તેમાં શરદઋતુની ગંગા ને ગગનની શોભા જેવી શોભા પ્રકટે, તેમાં સંદેહ નહિ. તેવું જીવન પોતાને ને બીજા બધાને માટે આશીર્વાદરૂપ બને. આ શાંતિપાઠમાં આવા જ ઉત્તમજીવનની કામના કરવામાં આવી છે.[1]

### શ્વેતાશ્વતર ઉપનિષદ

શ્વેતાશ્વતર ઉપનિષદની શરૂઆતના ભાગમાં જ કેન ઉપનિષદની માફક શાંતિપાઠરૂપે ૐ **સહનાવવતુ**નો મંગળ મંત્ર સંપૂર્ણરૂપે અપાયો છે. શાંતિપાઠ એક પ્રકારની પ્રાર્થના છે. તેમાં માનવહૃદયમાં ઉત્પન્ન થતા ઉચ્ચમાં ઉચ્ચ જીવનના મંગલ માટેના

૧. એજન, પૃષ્ઠ ૨૬૩–૨૬૪.



ભાવોને વિચારીને સમાવેશ થાય છે. શ્રોતા કે પાઠકને તે ભાવો સ્પર્શે, જાગ્રત કરે ને જીવનના મંગલ માટે ઉદ્યુક્ત કરે છે. માનવ-મનમાં તે અત્યંત અસરકારક બની એ પ્રકારની ભાવના ને મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરે છે. એ જ રીતે સદ્‌વિચાર ને સદ્‌ભાવના ફેલાય છે ને વાતાવરણની મલિનતા દૂર થઇ વિશુદ્ધિ પ્રસરે છે.

ૐ **સહનાવવતુ**નો શાંતિપાઠ ઉપનિષદોમાં વારંવાર આવે છે, કેમ કે ઋષિને તેની ભાવના અત્યંત પ્રિય થઇ પડી છે. એટલે તેનું અવારનવાર પારાયણ ને પુનરાવર્તન થાય છે. આ ભાવનામાં હૃદયની નિઃસ્વાર્થતા ને ઉચ્ચ ઉદ્દાત્તતાનો પરિચય કે આશ્રમના કલ્યાણનો ભાવ, પણ એમાં તો છે વિશાળ વ્યાપક દૃષ્ટિએ સર્વ-જીવોના હિતની મંગળ કામના. એનું તાત્પર્ય તો સ્પષ્ટ છે–'ચાલો, આપણે બધા ભેગા થઇને ઉત્તમકામને માટે પુરુષાર્થ કરીએ, પુરુષાર્થથી જે પ્રાપ્ત થાય તેનો ઉપયોગ એકલપેટા થઇને કરવાને બદલે બધા સાથે મળીને કરીએ, અમારા અંગત મતભેદો ભૂલી જઇને અમે સૌના મંગલ માટે શક્તિને કામે લગાડીએ; અમે અત્યંત તેજસ્વી ને બુદ્ધિશાળી કે વિવેકી થઇએ, તેમ જ કોઇ પણ કારણથી એકમેકનો દ્વેષ ન કરીએ, પરંતુ સૌના પર પ્રીતિ રાખીને સૌની સાથે પ્રેમમય વ્યવહાર રાખીએ.

### કૈવલ્ય ઉપનિષદ

કૈવલ્ય ઉપનિષદનો આરંભ પણ આ જ રીતે ૐ **સહનાવવતુ**ના ભવ્ય, વૈદિક શાંતિમંત્રની ભાવનાથી થાય છે, એમાં સહજીવન અર્થાત્ સમૂહજીવનની વિશ્વવ્યાપક સમી ભાવના પ્રકટ થઇ છે, એમાં સંગઠન, સહકાર, સંપ, શાંતિ તેમ જ સેવાની મહાન ભાવનાનો મહિમા ગવાયો છે, એમાં સંકીર્ણ સંકુચિતતા નથી, પણ વિશાળ વ્યાપકતાની દૃઢ ઐક્યભાવના છે.

આ અંગે ચિંતન કરતાં મહાત્મા યોગેશ્વર કહે છે : "શાંતિપાઠની આ ભાવનાનું ધ્રુવપદ 'સહ' છે. સહ તેનો મૂળ મંત્ર છે. 'સહ' તેનું મુખ્ય બળ, તેની મુખ્ય પ્રેરણા ને મુખ્ય શક્તિ છે. 'સહ'ની આસપાસ જ તે ફરે છે, ને રમે છે, તેથી જ તેને 'સહ'-નો શાંતિપાઠ કહી શકાય. 'સહ'ની મહત્તા એમાં સારી રીતે ગાવામાં આવી છે, તેની મારફત સંપ, સહકાર ને સમાનતા પર ભાર મૂકવામાં આવ્યો છે, 'અમે સાથે રહીને પ્રગતિ કરીએ; જે મેળવીએ તે સાથે રહીને, સાથે મળીને ભોગવીએ, સાથે મળીને બુદ્ધિ ને શક્તિને કામે લગાડીને સૌના હિતને માટે પુરુષાર્થ કરીએ. અમારું અધ્યયન ને અમારી બુદ્ધિ નિર્મળ ને તેજસ્વી બને. કોઇ પણ સંજોગોમાં, કોઇ પણ કારણે, અમે એકમેકનો દ્વેષ ન કરીએ. પરસ્પર ખૂબ જ પ્રેમભાવથી જીવીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એમ સૌને શારીરિક, માનસિક ને આત્મિક, આધિભૌતિક, આધિદૈવિક ને આધ્યાત્મિક એમ ત્રણે પ્રકારની શાંતિની પ્રાપ્તિ થાઓ." આ ભાવાર્થ ધરાવતી પરસ્પરના પ્રેમ, સહકાર ને સમાજવાદની આથી વિશેષ વિશાળ ને પ્રબળ ભાવના બીજી કયી હોઇ શકે? માણસ જે કંઇ કરે, મેળવે, ખાય ને ભેગું કરે તે બધું 'સહ'ની એ ભાવનાથી જ કરતો થાય એ જરૂરી છે. પોતાની પાસે જે કાંઇ છે ને થવાનું છે તેના પર તે ઈશ્વરનો અબાધિત અધિકાર સ્વીકારી લે ને ઈશ્વરની વિશાળ સૃષ્ટિના સભ્ય તરીકે પોતાની તેમ જ બીજાની ઉન્નતિને સુખાકારી માટે તેનો ઉપયોગ કરે તે ખૂબ જરૂરી છે. એ ભાવનાને 'સહ'ના આ શાંતિપાઠમાં સમાવી ને વણી લેવામાં આવી છે. એ ભાવના જીવન ને જગતને મધમય ને મંગલ કરવા માટે ખાસ જરૂરી છે. સંસારમાં દેખાતી વ્યાપક ગરીબાઇ, અનીતિ, શોષણખોરી, ગુલામી ને ભેદભાવનાને



દૂર કરવામાં તે અત્યંત અસરકારક ને મહત્ત્વનો ફાળો આપી શકશે. એ ભાવના ઊડી જાય તો જીવન બરબાદ થાય, સ્વાર્થી ને બોજારૂપ બની જાય ને નકામું થાય. એ ભાવના આજે, કાલે ને બીજા બધા જ કાળને માટે અત્યંત જરૂરી રહેવાની છે. 'સહ'નો આ શાંતિપાઠ આપણો જીવનપાઠ બની જવો જોઇએ.[૧]

## છાંદોગ્ય ઉપનિષદ

અન્ય ઉપનિષદો કરતાં તુલનામાં મોટા એવા છાંદોગ્ય ઉપનિષદમાં કેન ઉપનિષદના જેવો જ ઉત્તમ ને અનેરો શાંતિપાઠ સમાવિષ્ટ છે:–"મારાં સમસ્ત અંગો બળવાન બનો, મારી વાણી, મારી આંખ, મારી ઇંદ્રિયો પણ શક્તિશાળી થાઓ, મારા પ્રાણ ને મારા કાનમાં શક્તિનો સંચાર થાઓ, પરમાત્માને હું કદી ભૂલું ને છોડું નહિ તેમ જ પરમાત્મા પણ મારો ત્યાગ ન કરે, મારી ને પરમાત્માની વચ્ચે અતૂટ પ્રેમસંબંધ સ્થાપિત થાઓ, ઉપનિષદમાં જીવનની ઉન્નતિના જે ધર્મો બતાવ્યા છે તે મારા જીવનમાં સાકાર બનો ને પ્રેરણા પૂરો.'

આવી સુંદર શાંતિભાવનાની સાથે બીજી ય એવી જ ઉદાત્ત શાંતિભાવના અન્યત્ર પણ ઋષિ સેવે છે. "આકાશમાં રહેનારા જીવોને શાંતિ પ્રાપ્ત થાઓ, સ્વર્ગને પૃથ્વી પર વસનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ, પાણીમાં, વનસ્પતિ ને ઔષધિમાં વસનારા જીવોને શાંતિ મળી રહો, સંસારના સઘળા જીવોને શાંતિ પ્રાપ્ત થાઓ, ને તે શાંતિ સંસારના એક સત્ય તરીકે મને પણ મળો." કેવી પ્રભાવશાળી, પ્રેરક ને આનંદપ્રદ ભવ્ય ભાવના!

વિચારની અસર વાયુના જેવી વ્યાપક છતાં વાયુથી વધારે

૧. એજન, પૃષ્ઠ ૪૪૯–૪૫૧.

પ્રબળ હોય છે, માનવના મનમાંથી પ્રગટ થઇ તે સૃષ્ટિના કણેકણમાં પ્રસરી જાય છે, ઉપનિષદોના નવનીત સમા આ શાંતિપાઠમાં 'અહં'ભાવ કે 'મમ'ભાવ નહિવત્ કે ગૌણપણે છે, પણ સમષ્ટિ માટેનો સમર્પણભાવ જે વ્યાપક છે તે સઘળી સૃષ્ટિમાં સ્પંદિત થઇ વ્યાપી વળો ને પ્રેરક થઇ વિશ્વભરમાં જનજનના જીવનમાં સાકાર બનો એ જ અંતમાં શુભેચ્છા ને અભ્યર્થના.[1]

---

૧. એજન, મહદંશે એ પુસ્તક પર આધારિત.

વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *

ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઇન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯
ઘર : ૬૮૫૨૮૩



એક જીવંત આધ્યાત્મિક સ્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## સ્વપ્નાં અને ગેબી અવાજો

ઇંદિરા લાડલીથી છૂટી પડી ત્યારે એની મૂંઝવણ ઉકલી નહોતી. લાડલી ભલે એને 'સાઈકિક' કહે, પણ પોતે તેને કશું મહત્ત્વ આપ્યું નહોતું. છતાં હાડપિંજરનો કોયડો ઉકેલાયા વિના ઊભો જ હતો. અંતે એણે એ વિચારને મનમાંથી કાઢી નાંખવાનું નક્કી કર્યું, કારણ કે એને વિષે, વિચાર કર્યા કરવાથી એ 'સ્વયં-સૂચન' (Auto Suggestion)નો કેસ બની જાય એવો ડર હતો.

ગેબી અવાજ. "શું આ વાસ્તે તું આવી છે? મોડી રાત સુધી એણે ચોપડી વાંચ્યા કરી. પછી એ સૂઇ ગઇ. પણ ઓચિંતી ઝબકીને જાગી ગઇ, કારણ એક સ્વપ્ન એને ફરી ફરીને સતાવતું હતું. 'બાળપણથી જ અને ઘણીવાર પંખીની પેઠે મસ્ત બની ઊઠવાનાં, ઊંચે ને ઊંચે ચડવાનાં, અને વધારે ને વધારે મોટું સ્વરૂપ ધારણ કરતી હોય એવાં સ્વપ્નાં આવતાં હતાં. કોઇ વાર એ સ્વપ્નમાંથી આંચકા સાથે જાગી પણ જતી. એવી રીતે આજે પણ જાગી ગઇ હતી. પરંતુ પાછી એ ઊંઘવા માંડી, ત્યાં એને એક ખૂબ સ્પષ્ટ અવાજ સંભળાયો. 'તું શું આ વાસ્તે આવી છે? તું શું આ વાસ્તે આવી છે?

એ એકદમ ઝબકીને જાગી ગઇ. એણે પતિને પૂછ્યું, 'તમે મને કંઇ કહ્યું?' એના પતિએ ઊંઘથી ભારે બનેલી આંખો ઊઘાડી

કહ્યું, 'કાલ રાતનું ખાધેલું તને માફક આવ્યું લાગતું નથી. એવું શું ખાધું હતું?' ઇંદિરાએ દૃઢ સ્વરે કહ્યું, 'પણ મેં અવાજ સાંભળ્યો તેનું શું? એકવાર નહિ, પણ અનેકવાર સાંભળ્યો છે. આ મારી કલ્પનાની વાત નથી જ!

એનો પતિ હસ્યો. પછી કહે, 'હોટેલની ભીંતો પાતળી હોય છે. બાજુના ઉમરામાં કોઇ વાતો કરતું હશે તે તને સંભળાઇ ગયું હશે. માટે ડાહી થઇને સૂઇ જા! આ તે શું કોઇને જગાડવાનો વખત છે!' આમ કહી એ ઊંઘવા લાગ્યો.

ઇંદિરાએ ઊંઘવાનો પ્રયત્ન કર્યો, પણ ફરી પાછો પેલો અવાજ સંભળાયો. 'તું કેમ આવી છે? તું શું, આ વાસ્તે આવી છે? તું શું આ વાસ્તે આવી છે?'

તે પછી તે ઊંઘી શકી જ નહિ. અવાજ બિલકુલ ચોખ્ખો અને સાવ નજીકથી આવતો હતો. કોનો અવાજ હશે એ? મારી પોતાની અંદરથી તો એ નહિ આવતો હોય? કે પછી બધું મારી કલ્પના છે? ના, કલ્પના તો નથી, સાચું છે, અને છતાં માન્યામાં ન આવે એવું છે! ફરી તેણે બધું ભૂલી જવા નક્કી કર્યું, અને ફરી ફરી મન મનાવ્યું કે આ બધાનો કંઇ જ અર્થ નથી. બધું સ્વપ્ન છે પણ સ્વપ્નું, એવું જોરદાર હતું કે જાગ્યા પછી પણ હું એની પકડમાંથી છૂટી શકી નથી, એટલે મને આવો ભાસ થાય છે. મારે આવી બાબતોને કોઠું ન આપવું જોઇએ.

બેત્રણ દિવસ પછીની વાત છે. પોતાના ખર્ચે ચલાવવા માટે એણે એક અનાથાશ્રમનું સુકાન હાથમાં લીધું હતું. તે સંબંધમાં પોતાના સાથીદારો એવા સામાજિક કાર્યકરો સાથે એક મિટિંગમાં એ વાત કરી રહી હતી. 'આ નાના બાળકોને ઘરની જરૂર છે. સાથે સાથે પ્રેમની અને સલામતીની લાગણીની જરૂર છે. આ કંઇ કચરાપેટીનો માલ નથી કે ભેગો કરીને વેંચી નંખાય, કે ધર્માદામાં આપી દેવાય! એમની સંભાળ રાખવી એ આપણી ફરજ છે. ફરજની સાથે પ્રેમની સુગંધ જોઇશે, એટલે કે પહેલો પ્રેમ પછી ફરજ! આ નાનાં ભૂલકાં દયા નહિ પરંતુ સ્નેહ માગે છે. દયા તો જે દે છે તેનેય હાનિ કરે છે અને જે લે છે તેનેય હાનિ કરે છે. જો આ બાળકોમાં આ કઠોર દુનિયાનો સામનો કરવા માટે જોઇતી તાકાત પેદા કરવી હોય તો આપણે તેમની સાથે વિનય અને માનથી વર્તવું જોઇએ અને સૌથી વધારે તો એમને આપણો પ્રેમ આપવો જોઇએ. તેઓ આપણા સન્માન અને પ્રેમનાં ભૂખ્યાં છે. દયામાંથી તો લઘુગ્રંથિ પેદા થાય છે. બાળકોને એનાથી દૂર રાખો. તમે એમની દયા ખાશો, એટલે તેઓયે પોતાની દયા ખાશે, અને એમ એમની જિંદગી નિરર્થક જશે. હું તો પ્રેમથી એમને સંભાળવા માગું છું, જેમ બીજાઓ મને પ્રેમથી સંભાળે છે, તેમ!'

આટલું એ બોલી રહી, ત્યાં તો બધી બત્તીઓ એકદમ બંધ થઇ ગઇ હોય અને એ એકદમ ગાઢ અંધકારમાં જઇ પડી હોય, સાવ એકલી અને ખોવાયેલી! એવી એને લાગણી થઇ આવી. જો કે બત્તીઓ બધી ચાલું જ હતી! આ પહેલાં ઇંદિરાને કદી આવો અનુભવ થયો નહોતો. મૂંઝવી મારે એવો અનુભવ હતો, તેથી એ ભયભીત થઇ ગઇ! એકદમ ખુરશીમાંથી ઊભી થઇ એણે સાથીદારોને કહ્યું, 'મને કંઇક થાય છે, કદાચ પાછો દમનો હુમલો આવતો હશે! ઘેર જઇ તરત જ મારે ઇંજેક્શન લેવું પડશે!'

આમ કહી એ મિટિંગમાંથી ચાલી ગઇ. ગાઢ અંધકાર અને

એકાકીપણાની લાગણી ચાલુ જ રહી. ત્યાં એને ફરી પાછો પેલો અવાજ સંભળાયો. 'તું શું આ વાસ્તે આવી છે? તું શું આ વાસ્તે આવી છે?'

થોડી વાર અવાજ બંધ થયો, ને ફરી પાછો એ શરૂ થયો. એના એ જ શબ્દો! સદ્ભાગ્યે ઇંદિરા સલામત ઘેર પહોંચી ગઇ.

આ અવાજ અને આ અંધારામાં અટવાવાનો અનુભવ ફરી ફરીને થતો જ રહ્યો. એનાથી એ ગાંડા જેવી બની ગઇ. એણે પોતાનું સમાજ સેવાનું કામ છોડયું નહિ, કે સામાજિક જીવનનો રસ ખોયો નહિ. પરંતુ ફરી ફરીને તેને આ એકનો એક અનુભવ થતો જ રહ્યો, ત્યારે તેને ખાતરી થઇ કે કંઇક વિચિત્ર બની રહ્યું છે. એની ના નહિ!

ઇંદિરાએ દાક્તરોની સલાહ લીધી, માનસ ચિકિત્સકનીયે સલાહ લીધી. એ સૌએ એને ફરી માતા થવાની સલાહ આપી. તે વખતે ઇંદિરાનો પુત્ર અનિલ આઠ વર્ષનો હતો. એના પતિએ કહ્યું કે 'તું તારી બહારની પ્રવૃત્તિઓમાં વધારે પડતી રચીપચી રહે છે એ ઠીક નથી. અનાથાશ્રમ, રગતપીત્તિયાનો આશ્રમ, અનાથ અબળાશ્રમ, ગર્લગાઇડ, મહિલાપરિષદ! તારી તે કાંઇ એક પ્રવૃત્તિ છે! એ બધામાં ધ્યાન આપવાને બદલે ઘરમાં જ ધ્યાન આપ ને! પહેલાં ઘરનાંને ચાહો, ઘરનાં પર પ્રેમ કરો અને પછી બહારનાં-ઓને તમારા પ્રેમની લહાણી કરવા નીકળો!'

ઇંદિરાના પતિએ ઇંદિરાના પિતાને પત્ર લખી નાંખ્યો કે ઇંદિરાના મનની હાલત ચિંતાજનક બનતી જાય છે! કોઇ કોઇ વાર તો જાણે ક્યાંક દૂર ખોવાઇ ગઇ હોય એવું લાગે છે!

મસૂરીથી ઇંદિરાના પિતાએ તાર કરી ઇંદિરા તથા તેના



પતિને મસૂરી જવા કહ્યું.

ઇંદિરા પહેલાં તો પોતાના પતિપક્ષના સગાંઓને મળવા લાહોર ગઇ. એના પિતાએ એને લખ્યું હતું કે 'હેર ફ્રાન્ઝ કરીને મારા એક જર્મન મિત્ર છે, તેઓ અત્યારે લાહોરમાં છે. તેમને લઇને બધાં લાહોરથી સીધાં મોટરમાં જ મસૂરી આવો! હેર ફ્રાન્ઝ ભારતનો પ્રવાસ પૂરો કરીને જર્મની પાછા જવાના છે. પણ જર્મની જતાં પહેલાં તેઓએ અગાઉ એક વાર કહેલું તેમ, થોડા દિવસ મસૂરીમાં રહી જાય તેવી મારી ખાસ ઇચ્છા છે.'

ઇંદિરા લાહોરમાં હેર ફ્રાન્ઝને મળી. આ એની પહેલી જ મુલાકાત હતી. ઇંદિરાએ એમને ભોજનનું નિમંત્રણ આપ્યું. બીજા મિત્રોને પણ સાથે નિમંત્ર્યા. ભોજન સેવોય હોટલમાં રાખવામાં આવેલ.

સેવોય હોટલમાં જાદુગર ગોગિયા પાશા અને એક રશિયન નર્તિકાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. ઇંદિરા અને હેર ફ્રાન્ઝ રશિયન નર્તિકાનું ભારતનાટયમ્ જોતાં બેઠાં હતાં. ઇંદિરા પોતે પણ નૃત્યકાર હોવાથી નૃત્યની વિવિધ મુદ્રાઓ સમજતી હતી. ફ્રાન્ઝને એ સમજાવવા એણે તેની સામે નજર કરી, ત્યાં અચાનક ફ્રાન્ઝના મનમાં ચાલી રહેલાં વિચારો એનાથી વંચાઇ ગયા. તે બોલી ઊઠી, 'તમે શું માનસ ચિકિત્સક છો? તમે અત્યારે શું મારા મનનું પૃથક્કરણ કરો છો?'

ફ્રાન્ઝ ચમકી ગયો. તેણે પૂછ્યું. 'તને કોણે કહ્યું? તારા પિતાએ? પણ તેમણે પોતે તો એ વિષે તને કશું નહિ કહેવા મને લખ્યું હતું!'

ઇંદિરાએ કહ્યું, 'કોઇ વાર મને ખબર પડી જાય છે. કેવી

રીતે અને કેમ તેની મને ખબર નથી. પણ આવું બને છે! મારે એથી બહુ પરેશાન થવું પડે છે, પણ આમાં મારું કંઇ ચાલતું નથી. વળી હું જાણી જોઇને કોઇના વિચારો વાંચતી નથી. આ તો જેમ કાચના કબાટમાં આપણે આરપાર જોઇ શકીએ છીએ, એવી રીતે જોતાં જ માણસના મનના વિચારોની મને ખબર પડી જાય છે, એટલું જ નહિ, કોઇ વાર તો કોઇનો ભૂતકાળ કે ભવિષ્યકાળ મારી નજર આગળ થઇને પસાર થઇ જાય છે. આવું કેમ બનતું હશે? કોઇને નહિ, ને મને જ આવું શાથી થાય છે? હું આવી કેમ છું? ખરેખર, તમારી દરદી થવાને હું લાયક છું?' આમ કહી એ હસી.

ફ્રાન્ઝે જવાબમાં કહ્યું, 'પણ હું હવે જુદી રીતે વિચાર કરું છું. કારણ કે હું તારા મનનું પૃથક્કરણ કરું એ પહેલાં તો તેં મારા મનનું પૃથક્કરણ કરવા માંડ્યું છે. અમે માનસચિકિત્સકો જેને પાગલ કહીએ છીએ તેવી તું પાગલ હરગીઝ નથી જ, પરંતુ બીજી છોકરીઓ જેવી નોર્મલ પણ તું નથી!'

'એટલે કે હું બેયના સીમાડે છું?' ઇંદિરાએ પૂછ્યું. ફ્રાન્ઝે જવાબ ઊડાવ્યો. તેણે કહ્યું, 'તું કોયડો છે, ઇંદિરા! આ પહેલાં કદી મારી પાસે આવો કેસ આવ્યો નથી, એક વાત પૂછું. તારા સગાંસંબંધી આ બધું જાણે છે?

'ના, એમને વહેમ સરખો નથી!' ઇંદિરાએ કહ્યું, 'મારી સખી' લાડલી સિવાય બીજા કોઇનેય આ વિષે મેં કશું કહ્યું નથી. એટલે કૃપા કરી મારા પિતાને આ વિષે કશું કહેતા નહિ.

પછી ફ્રાન્ઝે તેને કહ્યું કે 'હું માનસચિકિત્સક છું, પણ હવે મારો પાઠ બદલાઇ ગયો છે!' તે પછી ફ્રાન્ઝ ઇંદિરાના નિકટના



મિત્ર બની ગયા. ૧૯૪૯ ના ફેબ્રુઆરીની ૨૦ મીથી ઇંદિરા કાયમને માટે શ્રી અરવિંદ આશ્રમમાં જઇને રહી, તે પછી ત્યાં નદીના પૂરની પેઠે યોગિક અનુભૂતિઓનો પ્રવાહ વહ્યો ત્યારે ફ્રાન્ઝની મૈત્રી એને ભારે મદદરૂપ થઇ હતી.

ઇંદિરાની ખરી જરૂરની પળે ફ્રાન્ઝ એની પડખે રહ્યો હતો. તેણે કહ્યું હતું. 'હું ખાતરીપૂર્વક કહું છું, ઇંદિરા, કે તને અત્યારે જે થઇ રહ્યું છે ને ભ્રમણા કે સ્વયંસૂચન નથી. એ કંઇક મનના ઉમરા બહારની વસ્તુ છે. એટલે મને એમાં રસ છે, અને તું જે કંઇ કહે છે તે હું આદરપૂર્વક ધ્યાનથી સાંભળું છું. મારી તને એટલી જ સલાહ છે કે બીતી નહિ, અને એનું ઝાઝું પૃથક્કરણ કરવાનો પ્રયાસ કરતી નહિ! એના સ્વાભાવિક રસ્તે જે થતું હોય તે થવા દે!

ઇંદિરાએ સામી દલીલ કરી કે આ મારી અનુભૂતિઓ વિષે વિચાર કર્યા વિના મારાથી રહેવાતું નથી, પરંતુ મારી મોટી મુસીબત એ છે કે આ અનુભૂતિઓને યે આત્મસાત્ કરી શકતી નથી. હું કોઇ રીતે એમની બહાર રહી જાઉં છું. જાણે સાક્ષી કે પ્રેક્ષક! અને છતાં એ બધું બન્યું જાય છે, મારી અંદર! હવે તમે જ કહો, મારું મન આભું થયા વિના અને તેના વિષે વિચાર્યા વિના કેમ રહી શકે? છેવટે, તો મૂડીમાં મારી પાસે એક મન છે!'

જવાબમાં ફ્રાન્ઝે લખ્યું, 'કદાચ તારી ભૂલ થાય છે. કદાચ મન ઉપરાંત, અથવા મનથી પર તારી પાસે કંઇક છે! તારી અંદર અત્યાર સુધી ગુમ રહેલી કોઇ બીજી જ શક્તિ હવે બહાર પ્રગટ થઇ રહી હોય એ બનવાજોગ છે.

'પણ મારામાં શા માટે? હું નથી જાદુગરણી કે નથી

યોગિની! કશું સમજાતું નથી, ત્યારે મન ચંચળ બની જાય છે. સાચે જ આ વિજ્ઞાનના યુગમાં, મને શું થાય છે તે સમજવાની હું ઇચ્છા રાખું તો એમાં કંઇ વધારે પડતું નથી. હું જાણું છું કે આ સાચું છે, એ વાસ્તવિક છે, પણ શાથી? મારો આ પ્રશ્ન છે, ફ્રાન્ઝસાહેબ! ખરેખર, હું ડરું છું. કૃપા કરી આ ગૂંચવણભરી સ્થિતિમાંથી મને ઉગારો! મને એટલી મદદ કરો!'

ફ્રાન્ઝે લખ્યું, 'હું તારા પ્રત્યે હમદર્દી રાખી શકું છું, પણ તને મદદ કરી શકતો નથી. હું માત્ર આટલું જ કહી શકું છું કે ધીરજ ધર. શું થાય છે તે આપણે શાંતિથી જોયા કરીએ.

શું જોયા કરીએ?

'આવતી કાલે શું થાય છે તે, ઇંદિરા!' કળી હજી હમણાં બેઠી છે. સૂરજના તડકામાં એની પાંખડીઓ તો ઊઘડવા દો! પછી આપણને એનું પૂર્ણ સૌંદર્ય અને મુલાયમ પોત દેખાશે અને મીઠી સુગંધ પણ બરાબર મળશે! ધીરજ ધર. દીકરી! ઉતાવળે આંબા નહિ પાકે. એને જોર કરીને કળીને ખીલવવા જતાં કળીને જ નુકશાન થશે. વળી તું પોતે જ કહે છે કે તું માત્ર પ્રેક્ષક છે, સાક્ષી છે! તો પછી થોડો વધારે વખત એમ રહેવામાં તને શો વાંધો છે? નાટક ચાલતું હોય ત્યારે પ્રેક્ષકો મંચ પર ચડી જઇ પાઠ ભજવવા માંડે તો એ ચાલે ખરું? આ અદ્‌ભુત 'રહસ્ય નાટક'ની હજી શરૂઆત થઇ છે. એ પૂરું થતાં સુધી ધીરજથી રાહ જોવી જ જોઇશે. આવતીકાલે શું થાય છે તે જો, ઇંદિરા! બહાવરી ન થા! ધીર ધર, ધીર ધર!'

(ક્રમશઃ)



# ખાસ સૂચના

**અધ્યાત્મનું વાર્ષિક લવાજમ હવે રૂા. ૨૫/– કરવામાં આવ્યું છે, તેની વાંચકોને નોંધ લેવા વિનંતિ છે. કેન્દ્રો પણ આની નોંધ લે.**

— તંત્રી

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી. યોગેશ્વરજી

**રાંજણ, સટિકા, સાઇટીકા**

હાથે, પગે, વેદનાયુક્ત ફૂટ થવી તથા કમ્મરના દુઃખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્ષ : ૧૦–૧૨ વીક. નોંધ : ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

**દુર્લભભાઇ પરસોત્તમભાઇ ભક્ત (સ્યાદલા)**
**બચુભાઇ ગોરધનભાઇ ભક્ત (કપૂરા)**
મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત–૩૯૪૩૪૦

## * શિવમહિમ્ન છપાઇ ગયું છે. *

છેલ્લા કેટલાક વખતથી શિવમહિમ્ન સ્તોત્રની પુસ્તિકાની માંગ હતી. પ્રભુકૃપાથી હવે તે પૂરી થઇ શકી છે. તેની સાતમી આવૃત્તિ પ્રસિદ્ધ થઇ ગઇ છે. તેની કિમ્મત છે રૂા. ૪/– પોસ્ટેજ અલગ. રાજકોટ, મોરબી, અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઇ-નાં કેન્દ્રો ઉપરથી અગર તંત્રી અધ્યાત્મને લખવાથી તે મળી શકશે.

## • સાભાર સ્વીકાર •

અધ્યાત્મ માસિકને નીચેનાં પુસ્તકો ભેટ પ્રાપ્ત થયાં છે.

૧. 'મહાભારત રત્નદીપ' સંપાદક શ્રી નરહરપ્રસાદ શિ. જોષીપુરા, મંત્રી–પ્રકાશક : સ્વામી શ્રી પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ, રેઇસકોર્સ, રાજકોટ. કિંમત રૂા. ૧૦/–

૨. 'અલૌકિક સંત મહાત્મા યોગેશ્વરજી' (હિન્દી) લેખક : દિનેશપ્રસાદ સેમવાલ, પ્રધાન આચાર્ય, મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુવિદ્યા મંદિર મસૂરી, પ્રકાશક : મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ, મસૂરી.

૩. 'એબ્રહામ લીંકન' લેખક : મનુભાઇ ભટ્ટ, પ્રકાશક : એમ. પી. પટેલ, ચેરિટેબલ ફાઉન્ડેશન, અમદાવાદ. દરેક વકીલે અને સમાજસેવાના ક્ષેત્રોમાં કામ કરનારાઓએ અવશ્ય વાંચવા જેવું પુસ્તક.

વેચાતું મળવાનું સ્થળ : કુસુમ પ્રકાશન, ૬૧ એ., નારાયણ-નગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ–૭ કિંમત રૂા. ૨૫/–



# કર્મમાં સારાનરસાપણું

પૂ. મોટા

શરીર રહે છે ત્યાંસુધી એને સારું તેમ જ નરસું કર્મ, બંને પ્રકારનાં કર્મ, મળ્યાં કરવાનાં. બંનેમાં સાધકે ધારણા તો પોતાની ભાવના–સમજણની જ કર્યા કરવાની છે. ન તો સારાને જોવાનું છે કે ન તો નરસાને. તે બંને તો માત્ર ગુણની લીલા છે. તેવાં કર્મ જીવનને વિકસાવવાને મળેલાં છે, એટલે કે મનને શાંતિ, સમતા, તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહિષ્ણુતા, ઉદારતા, વિશાળતા, પ્રેમભાવના આદિ દૈવીસંપત્તિના ગુણો કેળવવા કાજે તે તે મળ્યાં કરે છે, એવો હેતુ જો જીવ પ્રત્યેક કર્મમાં જીવતો રાખી શકે તો સારાં કે નરસાં કોઇ પણ કર્મ તેને બંધનકર્તા નથી નીવડતાં.

તે કર્મમાંથી તે જીવ પોતાના જીવનનો હેતુ જ ફળાવતો જતો હોય છે, ને એમ દરેક કર્મ એના જીવનને ફળાવનારું બની જાય છે. જેમ વેપારીને ત્યાં અનેક પ્રકારના સારાનરસા સ્વભાવના ઘરાકો આવે છે, તે તેઓના સ્વભાવને મુદ્દલે મહત્ત્વ દેતો નથી, પરંતુ કમાવાનો હેતુ લક્ષમાં રાખીને સારા કે નરસા પાસેથી તે પોતાનો હેતુ સાધી લે છે.

તેવી રીતે જે સાધક પોતાને મળતાં રહેતાં સારાં કે નરસાં કર્મમાંથી એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા જીવને કર્મનું સારાપણું નરસાપણું નડતું નથી. એ તો માત્ર સમજે છે તેમાંથી પોતાના જીવનહેતુને ફળાવવાનું અને તેવો હેતુ ફળાવવાનું કર્મ વિના શક્ય નથી.

# અહમ્‌નો પથ્થર તોડો

અહમ્–હુંનો પથ્થર તૂટે તો હરિની મૂર્તિ નિર્માણ થાય. જેનો હું કપાય તેને જ પયગમ્બરી પ્રાપ્ત થાય છે. "હું" ઓગળ્યે આવરણ નીચે સંતાયેલો હરિ આપોઆપ પ્રગટ થશે. જ્યાં તર્ક–બુદ્ધિ અહંકારના બૂટ–ચંપલ ઊતારીને જ જવું પડે. અહમ્ તૂટે પછી જ ભક્તિ મળે. ભક્તિરૂપી પાણીની મદદ મળે ત્યારે જ બધી મલિનતા ધોઇ શકાય છે, અને અંતરના અરિસાને આત્માનું પ્રતિબિંબ જોવા જેટલો સ્વચ્છ કરી શકાય છે. જો દીનતા–દાસત્વ આવે તો હવે હુંત્વને કૃષ્ણાર્પણ કરીને કેવળ દાસોઽહમ્‌નું જીવ-માત્રને ભાન રહે તો આ દૈવી જીવ પ્રભુનો કૃપાપાત્ર બને.

### ચૂંટેલાં પુષ્પો

તમે ઈશ્વરને માનો છો? ઈશ્વર ક્યાં છે? તમે કહેશો કે ઈશ્વર સર્વમાં છે, સર્વત્ર છે. જો એમ હોય તો, તમે ઈશ્વરની સામે પાપ શા માટે કરો છો? એની સામે જ પાપ કરવું એ ઈશ્વરનું અપમાન નથી શું? કોઇ મોટા માણસના દેખતાં આપણે એવું કરીએ ખરા?

### આટલું જ વિચારો

તમે નાસ્તિક છો કે આસ્તિક? નાસ્તિક કહેતો હોય છે કે ઈશ્વર નથી અને પાપ કરતો હોય છે. જ્યારે તમે કહો છો કે ઈશ્વર છે અને ઈશ્વરની સાક્ષીમાં પાપ કરો છો, વિશ્વાસઘાત કરો છો, પછી અંતઃકરણની શુદ્ધિ શી રીતે થશે? કદી નહિ થાય. આપણે જો ઈશ્વરને સર્વત્ર માનતા હોઇએ તો આપણા મનમાં પાપનો વિચાર જ આવવો ન જોઇએ.



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

પછી રાવણે હનુમાનનો સામનો કરવા માટે પોતાના મંત્રી વિરૂપાક્ષને બીજા ચાર મંત્રીઓ સાથે મોકલી આપ્યો; પરંતુ એ પણ લાંબા વખત લગી ન ટકી શક્યા. હનુમાને એમને પણ ધરાશાયી કરી દીધા.

આખરે રાવણે પોતાના પુત્ર અક્ષકુમારને ભારે હિંમત આપીને સેના સાથે રવાના કર્યો.

હનુમાનના પ્રહારથી એ પણ મરણ પામ્યો, ત્યારે રાવણની પીડાનો પાર ન રહ્યો.

એ અત્યંત રોષે ભરાયો અને પોતાના બીજા પુત્ર મેઘનાદ અથવા ઈન્દ્રજીતને ઉદ્દેશીને બોલ્યો : 'અક્ષના મૃત્યુના સમાચાર ભારે દુઃખદ અથવા શોકજનક છે. એમને ખૂબ જ પ્રિય હતો. છતાં પણ આ સમય શોક કરીને બેસી રહેવાનો નથી. તું જલદી જઇને એ વાનરને કેદ કર. તારું પરાક્રમ અદ્‌ભુત છે. તારા સામર્થ્ય આગળ ઈન્દ્ર પણ અશક્ત બની ગયેલો, તો પછી એ વાનરનો શો હિસાબ? તું એને જોતજોતામાં પકડી લેશે અને હણવાની સંપૂર્ણ શક્તિ હોવા છતાં હણતો નહિ. એને મારી પાસે લઇ આવજે એટલે થયું. જોઉં તો ખરો કે એ કોણ છે, કેવો છે, અને આટલો બધો ઉત્પાત શા માટે કરી રહ્યો છે!'

મેઘનાદ તથા હનુમાન વચ્ચે ભીષણ યુદ્ધ થયું.

મેઘનાદ હનુમાનનું અસાધારણ સામર્થ્ય જોઇને આભો બની ગયો.

લાંબા વખત લગી હનુમાનનો પ્રતિકાર કરવો એને મુશ્કેલ લાગ્યો, ત્યારે એણે એમના પર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો.

એ મહાન અસ્ત્રની આમન્યા રાખવા અને રાવણને મળવાનો મનોરથ પરિપૂર્ણ કરવા હનુમાન બંધાઇ ગયા.

હનુમાનને બંધાયેલા જોઇને મેઘનાદની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એ એમને લઇને રાવણ પાસે આવ્યો.

રાજ્યસભામાં રત્નજડિત સિંહાસન પર બેઠેલો રાવણ હનુમાનને બંધાયેલા જોઇને આનંદ પામ્યો ને બોલ્યો : 'અહંકારી અને અવિવેકી વાનર! તેં કેટલાય યોદ્ધાઓનો સંહાર કરી નાંખ્યો છે. એનો દંડ આપવાનો સમય હવે પાસે આવ્યો છે. તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે? જરા તારો પરિચય તો આપ.'

હનુમાને ગૌરવપૂર્વક કહ્યું : 'મારા પરાક્રમનો પરિચય પ્રાપ્ત થયો છે એ જ શું પર્યાપ્ત નથી લાગતું? છતાં પણ તારી જિજ્ઞાસાના જવાબમાં કહી બતાવું છું કે, હું મહારાજા સુગ્રીવ તથા દશરથપુત્ર રામનો દૂત છું અને મારું નામ હનુમાન છે.'

'સુગ્રીવ તથા રામનો દૂત?'

'હા. તને પોતાના પરાક્રમનો સ્વાદ ચખાડનાર વાલીના ભાઇ સુગ્રીવ તથા રામનો દૂત છું.'

'તારે લંકામાં શા માટે આવવું પડયું?'

'ચોરની તપાસ કરવા માટે.'

'કયા ચોરની?'



'તારી.'

'હું ચોર છું?'

'જરૂર. એમાં શંકાનું કારણ જ ક્યાં છે? બીજા ચોર રાત્રે ચોરી કરે છે પણ તેં તો ધોળે દિવસે ચોરી કરી છે. પંચવટીમાં રામ અને લક્ષ્મણ બંનેમાંથી કોઇ યે હાજર ન હતું, ત્યારે એમના આશ્રમમાં છૂપી રીતે પ્રવેશીને તેં સીતાનું હરણ કર્યું, એમાં શું પરાક્રમ કર્યું? હું તારા હિતના શબ્દો કહેવા કે તને સમજાવવા આવ્યો છું.'

રાવણ રોષથી રાતોપીળો થઇ ગયો ને બોલ્યો : 'તને મારા હિતની સમજ ક્યાંથી પડે? તું પોતે જ મૂર્ખ છે અને મને ઉપદેશ આપવા બેઠો છે? લંકામાં ચોરની પેઠે તો તું પેઠો છે.'

'હું ચોરની પેઠે નથી પેઠો, પરંતુ બહાદુરીપૂર્વક ઊઘાડે છોગે આવ્યો છું. તું પોતે જ ચોર છે એટલે તારી નજરમાં બધા ચોર જેવા લાગે તે સહેજે સમજી શકાય તેમ છે. હું તને ઉપદેશ આપવા બેઠો છું એ વાત સાચી છે, પરંતુ એ ઉપદેશ તારા હિતનો છે. તારું હિત શામાં રહેલું છે તે તું નથી જાણતો. એટલે જ મારે એના તરફ તારું ધ્યાન ખેંચવું પડે છે. સીતાનું હરણ કરીને તેં તારું મોટામાં મોટું અહિત કર્યું છે. તું તારે હાથે જ તારા અધઃ-પતનની ગર્તા ખોદી બેઠો છે. હજુ મારા ઉપદેશ પ્રત્યે ધ્યાન આપ અને સીતાને વહેલી તકે છોડીને સન્માનપૂર્વક રામને સુપ્રત કર, તો રામ તથા સીતા તને તારા અક્ષમ્ય અપરાધને માટે ક્ષમા કરશે, સુગ્રીવ પણ ક્ષમા કરશે, ને તું શાંતિપૂર્વક જીવી શકશે. નહિ તો...'

'નહિ તો શું?'

'નહિ તો રામ તથા સુગ્રીવ તારો નાશ કરશે. એ બંને હવે

ભેગા થયા છે અને એમની વચ્ચે મિત્રતા સ્થાપિત થઇ ચૂકી છે.'

રાવણ ખડખડાટ હસી પડયો ને બોલ્યો : 'અરે, કોઇ આ દુષ્ટ ને મૂર્ખ વાનરની વાત તો સાંભળો. એની વાત કેટલી બધી હાસ્યાસ્પદ છે? રામ અને સુગ્રીવ ભેગા થયા ને મિત્ર બન્યા છે તે એમની અવસ્થાને અનુરૂપ જ છે. એમાં મને કશું આશ્ચર્ય નથી થતું. રામ રાજ્ય તથા સ્રી વિના દુઃખી છે, તો સુગ્રીવની પણ એ જ દશા છે. એને વાલીએ કાઢી મૂક્યો છે. બંને પરાક્રમહીન અને નિર્માલ્ય બનીને બેસી ગયા છે. એમનામાં કશું સામર્થ્ય નથી રહ્યું, એટલે હવે દૂત મોકલીને પ્રાર્થના કરવા માંડયા છે.'

'એ પ્રાર્થના નથી કરતા પણ તને ચેતવણી અથવા શિખામણ આપે છે. એ નિર્માલ્ય કે પરાક્રમહીન નથી. રામે સુગ્રીવને સહાય કરવા માટે વાલીનો ક્યારનો ય નાશ કર્યો છે અને સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો છે. તારા ગુપ્તચરો તથા તું હજુ ઘોર ઊંઘમાં લાગે છે!'

રાવણ જરા ઉત્સાહહીન બની ગયો ને બોલ્યો : 'વાલીનો નાશ થયો ને સુગ્રીવ રાજા બન્યો?'

'હા. સુગ્રીવનું સામર્થ્ય વાલી કરતાં વધી ગયું છે. એ હવે તારી બુદ્ધિને ઠેકાણે લાવવાની તૈયારી કરે છે. એ તૈયારીના પ્રારંભરૂપે જ એમણે મને તારી પાસે દૂત તરીકે મોકલ્યો છે. તારામાં થોડીક પણ સદ્‌બુદ્ધિ હોય તો સમજી લે. પરંતુ તારાં વચન તથા વર્તન પરથી લાગે છે કે, તારું ભાગ્ય ફૂટેલું છે ને તારે માથે મૃત્યુ ભમ્યા કરે છે. હજુ પણ જો તું ચેતી જાય તો તો સારું છે, નહિ તો રામ, લક્ષ્મણ કે સુગ્રીવ પોતાની વિશાળ સેના સાથે લંકામાં આવી પહોંચશે ને તારો સંહાર કરશે.' (ક્રમશઃ)

## * ગીતાનો કર્મયોગ શું શીખવે છે? *

ગીતાનો કર્મયોગ કર્મક્ષેત્રથી કંટાળવામાં, કર્મને ત્યાગવા-માં કે ભાગવામાં નથી માનતો. કર્મક્ષેત્રને વફાદાર રહેવામાં, કર્મના અથવા સ્વધર્મના પાલનમાં, અને જીવનસંગ્રામમ રહીને પ્રશ્નો તથા સમસ્યાઓના કરાતા શૂરવીરતાઓ સાથેના સફળતાપૂર્વકના પ્રતિકારમાં માને છે. એ ક્ષણિક શ્મશાન-વૈરાગ્યને ઉત્તેજવા નથી માગતો. ક્લૈબ્યની ઉપાસના નથી કરતો. દૈન્યની આરતી નથી ઉતારતો. સમાજસાથેના સંબંધ-વિચ્છેદમાં, લગ્ન–પારિવારિક જીવન કે પ્રવૃત્તિને તિલાંજલિ આપવામાં ગૌરવ નથી ગણતો. એ જગતની ને જીવનની વાસ્તવિકતાને સ્વીકારે છે, એમાં પરમાત્માની દૈવીલીલાનું દર્શન કરે છે, જીવન અને જગતની સમસ્યાઓને સમુચિત ન્યાય આપે છે, અને એમાંથી માર્ગ કાઢે છે. જીવનથી કંટાળતો નથી, નિરાશ નથી બનતો, નાસીપાસ નથી થતો. અર્જુન પોતાના સ્વાભાવિક કર્મને પરિત્યાગીને ભિક્ષુ બનીને ભિક્ષાન્નપર નિર્વાહ કરવાની ઇચ્છા રાખતો'તો. એ ઇચ્છા એણે ભગવાન કૃષ્ણની આગળ પ્રદર્શિત કરી પણ ખરી. ભગવાન કૃષ્ણે એને એટલા માટે જ કર્મયોગનો સનાતન સુંદર સુખકારક સંદેશ આપ્યો. ભગવાને એને કહ્યું કે મારે ત્રણે લોકમાં કોઇ પ્રકારનું કર્તવ્ય નથી, કશું મેળવવાજેવું નથી, કર્મનું અનુષ્ઠાન ના કરવાથી કશું ગુમાવવાનું નથી, તોપણ હું કર્મ કરું છું. તોપછી બીજા સામાન્ય મનુષ્યોએ તો પોતાના અને પોતાની સાથે સંકળાયલા જીવોના ધારણપોષણ અને ઉત્કર્ષને માટે તેમ જ સામાજિક સુખશાંતિસમૃદ્ધિને માટે કર્માનુષ્ઠાન કરવું જ રહ્યું. યોગેશ્વરજી

# * કર્મક્ષેત્રમાં પણ અધ્યાત્મ જોઈએ જ *

કર્મક્ષેત્રમાં પડેલા માનવની અંદર અધ્યાત્મની અભિ- રુચિ હોય તો એને લીધે એને અસાધારણ આત્મબળની પ્રાપ્તિ થાય છે. એ આત્મબળને લીધે એ કર્મ કરતાં કરતાં નમ્ર રહે છે, સ્વાર્થરહિત બને છે, નિર્મમ થાય છે, પ્રલોભનોને વશ નથી થતો. ને કર્મ કરીને પદ-પ્રતિષ્ઠાઅધિકાર સુખોપભોગના મોહમાં કે નશામાં નથી પડતો. તટસ્થ રહી શકે છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આપણે એવા કર્મયોગીઓની આવશ્યકતા છે. એવા રાજપુરુષો, અમલદારો, સૈનિકો, સત્તાધીશો, ડોક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, શિક્ષકો, વેપારીઓ, કિસાનો, મજૂરો જોઈએ છે જે લક્ષ્મીની કે લલનાની લાલસામાં પડીને સત્યને, ન્યાયને, નીતિને, માનવતાને નેવે ના મૂકે. જે માનવતાને જ માને અને આરાધે. બીજા કશાની શેહમાં ના તણાય. એવા યોગીઓ, જ્ઞાનીઓ, ભક્તો, વિદ્વાનો, પંડિતો, સાધકો અને સિદ્ધો જોઈએ છે જે બીજાને માટે જીવતા કે કામ કરતા હોય. બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા હોય. ઈશ્વરના વિશાળ વિરાટ્ વિશ્વરૂપને વિલોકીને મન, વાણી, કર્મથી સેવતા હોય. એથી એમની શક્તિ, સ્વાનુભૂતિ, વિદ્યા કે સાધના નિરર્થક નહીં થાય. એમની સાથે જ વિદાય નહીં થાય. સમસ્ત સમાજનો વારસો બની રહેશે. સૌને સારુ પ્રેરક કે પથપ્રદર્શક બનશે. મહાત્મા ગાંધીજીએ આ જમાનામાં આપણને બતાવ્યું કે જીવન અને અધ્યાત્મનો, પ્રવૃત્તિ અને પરમાત્માનો સુભગ સમન્વય સાધી શકાય છે. એ રાજકારણમાં પણ રસ લેતા, પારવિનાની પ્રવૃત્તિઓ કરતા, તોપણ ભગવાનને નહોતા ભૂલતા.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.